।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# *Heart* જિનશાસન

## સંઘ નહીં
## તો કશું નહીં

**પ્રિયમ્**

અહો શ્રુતમ્
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

ભાદરવો, વિ. ૨૦૭૬

**જિનશાસન સિરીઝ** : સ્વપ્ન જિનશાસન, સ્ટીમ જિનશાસન, ડ્રીમ જિનશાસન, માય જિનશાસન, એન્લાઈટ જિનશાસન, એન્લાઈટ જિનશાસન (શોર્ટર), ફોર જિનશાસન, હાર્ટ જિનશાસન.

# વાત... હૃદયની

હૃદયમાં જિનશાસનને વસાવવા માટે
જિનશાસનના હૃદયનો
પરિચય હોવો જરૂરી છે.
એ ન હોવાથી
એની ઉપેક્ષા થાય છે
એની અવગણના થાય છે
એ સીદાય છે
ને પછી જિનશાસનને
હાર્ટ-એટેક આવે છે
કેટલીક વાર એ એટેક સિવિયર પણ હોય છે.
આપણે આમ તો
જિનશાસનની સરભરા જ કરતા હોઈએ છીએ
પણ એ સિવિયર એટેકમાંથી
પસાર થઈ રહ્યું છે.
એનો આપણને ખ્યાલ હોતો નથી.
હાર્ટ જ ન સમજાયું હોય,
ત્યાં સુધી હાર્ટ-એટેક શી રીતે સમજાઈ શકે ?
ચાલો,
આજે સમજીએ
Heart જિનશાસન.
મોક્ષે જવા માટે કદાચ સૌ પ્રથમ
આપણને આ જ સમજવાની જરૂર છે.

# વિષયાનુક્રમ

**ક્રમ ....... વિષય ............................................. પૃષ્ઠ**


(૧) ....... સાધર્મિક ............................................ ૪
(૨) ....... Relation ............................................ ૫
(૩) ....... પેટનું પોસ્ટમોર્ટમ ........................................ ૬
(૪) ....... સંઘપૂજા ............................................ ૭
(૫) ....... સંઘત્યાગ ............................................ ૯
(૬) ....... પ્રેમ ............................................ ૧૦
(૭) ....... વડલો અને બિલાડીનો ટોપ ........................ ૧૧
(૮) ....... સંઘ સંવેદના ............................................ ૧૩
(૯) ....... કર્તૃત્વાભિમાન ............................................ ૧૫
(૧૦) ..... સ્વામિત્વાભિમાન ........................................ ૧૮
(૧૧) ..... ૩ અક્ષર ............................................ ૨૨
(૧૨) ..... મધ કે ઝેર ? ............................................ ૨૩
(૧૩) ..... શ્રાવક ............................................ ૨૮
(૧૪) ..... અહમ્ ............................................ 30
(૧૫) ..... 99.50 % = Fail ........................................ 33
(૧૬) ..... વાહ ઉસ્તાદ વાહ ........................................ 3૬
(૧૭) ..... જોઈએ છે મોક્ષ ? ........................................ 3૭
(૧૮) ..... અસ્તિત્વાભિમાન ........................................ 3૮
(૧૯) ..... અનેરી અસ્મિતા ........................................ ૪0
(૨૦) ..... પાચન ............................................ ૪0
(૨૧) ..... સાધનાની તરસ ........................................ ૪૧
(૨૨) ..... સ્વાધ્યાય ............................................ ૪૨
(૨૩) ..... ૫ ગુણો ............................................ ૪3
(૨૪) ..... ગુણપરિણતિ ............................................ ૪૪
(૨૫) ..... PLAN - 0 TO 16 ........................................ ૪૫
(૨૬) ..... Real Need ............................................ ૪૬
(૨૭) ..... ગ્રુપ્સ ............................................ ૫0
(૨૮) ..... સંઘ સંવેદના-સંકલ્પ ........................................ ૫૧
(૨૯) ..... શ્રીસંઘપૂજન ............................................ ૫3

# ⁂ સાધર્મિક ⁂

પતિ સાથેના સંબંધથી સાસરા સાથે પણ સંબંધ બંધાઈ જાય છે. ધર્મ સાથેના સંબંધથી સમગ્ર સંઘ સાથે સંબંધ બંધાઈ જાય છે. નિશ્ચયદષ્ટિએ પતિ અને સાસરું એ સમાનાર્થી શબ્દો છે. નિશ્ચયદષ્ટિએ ધર્મ અને સાધર્મિક એ સમાનાર્થી શબ્દો છે.

છગનની પત્નીનો સાસુ સાથે ઝગડો થયો. એ બેફામ બોલવા લાગી. સાસુએ કહ્યું, ''તું એક સંસ્કારી ખાનદાનની વહુ છે એ ભૂલીશ નહીં.'' છગનની પત્નીએ સામું ફટકાર્યું, ''વહુ નહીં, દીકરી કહો, દીકરી.''

સાસરાનું અપમાન એ પતિનું જ અપમાન છે. સાધર્મિકનું અપમાન એ ધર્મનું જ અપમાન છે. 'ના, મારા માટે પતિ તો દેવ છે. પરમેશ્વર છે. ફક્ત એમની મા ખરાબ છે, એમના પપ્પાનું ઠેકાણું નથી, એમનું ઘર વિચિત્ર છે. એમનો ભાઈ લબાડ છે. એમની બહેન દોઢડાહી છે. એમના ભાભી તદ્દન બેવકુફ છે...' આ માન્યતાવાળી પત્નીને ખબર નથી કે હકીકતમાં એ બધી જ ગાળ એના પરમેશ્વરને જ આપી રહી છે.

**પતિ પરમેશ્વર તો પતિના બધા જ પરમેશ્વર – આ ભૂમિકા કુળવધૂને કુળવધૂ બનાવે છે. વાસુપૂજ્ય દાદા પરમેશ્વર તો વાસુપૂજ્ય દાદાના બધા જ પરમેશ્વર – આ ભૂમિકા જૈનને 'જૈન' બનાવે છે.**

એક પણ સાસરિયા સાથે વાંધો છે ત્યાં સુધી કુલાંગના એ કુલાંગના નથી. એક પણ જૈન સાથે આપણને વાંધો છે, ત્યાં સુધી આપણે જૈન નથી.

⁂

# ✻ Relation ✻

એ મારો દીકરો છે એ મુદ્દે આપણે બધું જ ગૌણ કરવા તૈયાર હોઈએ છીએ. એ નવકાર ગણે છે, એ મુદ્દે આપણે કશું પણ ગૌણ કરવા તૈયાર નથી. એનો અર્થ એ છે કે દીકરા સાથે આપણને પૂરું રિલેશન છે, નવકાર સાથે આપણને બિલકુલ રિલેશન નથી. તો આપણે જૈન શી રીતે ? દીકરાના લાખ દોષ આપણે માફ કરવા તૈયાર છીએ. જૈનનો એક દોષ મળી જાય તો આપણે તૂટી પડવા તૈયાર છીએ. તો એનો અર્થ એ જ છે કે આપણને હકીકતમાં દોષ સાથે કોઈ વાંધો છે જ નહીં. આપણને સાંસારિક લાગણી પૂરી છે, ધાર્મિક લાગણી બિલકુલ નથી - ખરું હાર્દ આ છે.

અયોધ્યાવાસીઓ જંગલમાં દોડી ગયા, રામ પાછા ફરે એ માટે મરણિયા બન્યા. રામ ન માન્યા તો કૈકેયી પર આક્રોશ ઠાલવવા લાગ્યા. રામે કહ્યું, ‘‘તમને ભરત કેવો લાગે છે ?’’ ‘‘શ્રેષ્ઠ, અત્યંત સજ્જન, સૌથી નિઃસ્પૃહ, આખી અયોધ્યામાં એ જ તો સૌથી વધારે રડ્યા છે.’’ રામે કહ્યું, ‘‘જેનું ફળ આટલું સારું છે, તે વેલ ખરાબ કઈ રીતે હોઈ શકે ?’’

**આજે આપણે એક પ્રશ્ન લઈને જવું છે. જેની પાસે નવકાર છે, એ ખરાબ કઈ રીતે હોઈ શકે ? જેના ઘરે સંયમી ભગવંતોના પગલા થાય છે, એ ખરાબ કઈ રીતે હોઈ શકે ? જેના ઘરે ભગવાનનો ફોટો હોય, એ ખરાબ કઈ રીતે હોઈ શકે ? જે મહાવીરસ્વામીને માથું નમાવતો હોય એ ખરાબ કઈ રીતે હોઈ શકે ? જો ભરતના સંબંધથી કૈકેયી મહાન હોઈ શકે તો દેવ-ગુરુ-ધર્મના સંબંધથી જૈન મહાન કેમ ન હોઈ શકે ?**

દીકરો બિલકુલ ન માને, ન ગાંઠે, અપમાન કરે, ઉતારી પાડે, ઘડપણ સુદ્ધામાં સામું ન જુએ, તો ય આપણે કોઈની આગળ નિંદા

કરતા નથી, એની સામે થવાનો આપણને વિચાર સુદ્ધા આવતો નથી. ભગવાનને નમનારા ભગવાનને માનનારા ભગવાનના ઉપદેશના માર્ગે ચાલનારા ને ભગવાનના નામે ગાંઠના રૂપિયા ખર્ચનારા આપણા (?) કોઈક વાંક (?) માં આવે ને આપણે એમની છૂટથી નિંદા કરી શકીએ એનો સીધો અર્થ એટલો જ કે આપણે ભગવાનમાં માનતા જ નથી.

ભગવાનને સાચા હાથ જોડ્યા ત્યારે કહેવાય કે દરેક જૈનને આપણે ભાવથી હાથ જોડી શકીએ. આપણે સાચો નવકાર ત્યારે ગણ્યો કહેવાય જ્યારે સપનામાં પણ આપણાથી નવકાર ગણનારની અવગણના ન થાય.

✳

# ✳ પેટનું પોસ્ટમોર્ટમ ✳

**આપણી અદમ્ય ઈચ્છા 'કોઈ' નો મેલ દૂર કરવાની હોય છે. આપણી ખરી જરૂર આપણું પેટ સાફ કરવાની હોય છે. વાત આપણે બીજાના દોષો - ભૂલોની કરીએ છીએ, પણ એ જ દોષો-ભૂલો આપણા દીકરાના હોય તો વાંધો નથી. એનો અર્થ એ જ છે કે આપણું પેટ સાફ નથી.**

વ્યક્તિદ્વેષ એ વ્યક્તિના ધર્મના-ગુણોના-સાધનાના અને સત્કાર્યોના દ્વેષમાં પરિણમે છે, ત્યારે અનંતકાળે પણ ફરી આ ધર્મ-ગુણો-સાધના અને સત્કાર્યો મળવા દુર્લભ થઈ જાય છે.

આપણે માનીએ છીએ કે મને ધર્મ વગેરેનો દ્વેષ નથી, મને વ્યક્તિનો પણ દ્વેષ નથી, મને ફક્ત એના દોષનો દ્વેષ છે, પણ આ આપણી ભ્રમણા હોય છે. કારણ કે આ બધું છૂટું પાડવું શક્ય જ નથી. છાતી પર હાથ મુકીને આપણે આપણને પૂછીએ કે આપણને જેનો દ્વેષ છે, એનો ધર્મ આપણને ગમે છે ખરો ? ચાર જણ વચ્ચે આપણે એના ધર્મની અનુમોદના કરીએ છીએ ખરા ? હૃદયથી એમના પ્રત્યે પ્રમોદભાવ જાગે ખરો ? આવું કશું થતું નથી. આપણને એમની નિંદા જ સુઝે છે. તો પછી આપણને વ્યક્તિદ્વેષ નથી એવું શી રીતે કહેવાય ?

આપણો આગ્રહ એ છે કે 'જૈનમાં દોષ ન હોવો જોઈએ (હું અપવાદ, મારામાં હોય તો ચાલે) એટલે કે જૈન હોય એ કેવળજ્ઞાની હોવા જોઈએ, નહીં તો હું તો એમના દોષો જોવાનો ને એમને ભાંડવાનો. બને તો લડવાનો ય ખરો. એ એના ઘરે પ્રતિક્રમણ કરે તો હું પોલિસ બોલાવવાનો, એ પૂજન રાખે તો હું એમાંથી કંઈક ગોતી કાઢવાનો, એ ટ્રસ્ટી હશે તો હું સંઘના કામોમાં રોડા નાંખવાનો, એ ધર્મી હશે તો હું એના ધર્મકાર્યોને ભાંડવાનો, એનામાં દોષ હોય એ તો કેવી રીતે ચાલે ?'

**આપણે આપણા આ સત્યાગ્રહમાં બે વાત ભૂલી જઈએ છીએ. (૧) આપણામાં ય અઢળક દોષો છે. (૨) ભગવાને સંઘની સ્થાપના કરી ત્યારે એમાં એક પણ કેવળજ્ઞાની ન હતા. સંઘની એક પણ વ્યક્તિ એવી ન હતી જેમાં એક પણ દોષ ન હોય, છતાં ભગવાન એ સંઘને णमो तित्थस्स કહીને નમસ્કાર કરે છે.**

શું આપણે ભગવાન કરતા પણ વધુ ઊંચા છીએ ? કે વધુ સમજદાર છીએ ? અહીંથી શરૂઆત કરો. 'જૈન' માત્રને હાથ જોડો, વંદન કરો, 'શરૂઆત' અહીંથી જ થતી હોય છે.

✳

## ✳ સંઘપૂજા ✳

આપણે સંઘપૂજનનો લાભ લેતા હોઈએ છીએ, પૂજન માટે આવશ્યક શું ? પૈસા જ ? આપણી વ્યાખ્યા આ છે. 'બધું જ પૈસાથી થાય.' જ્ઞાનીઓ કહે છે સંઘપૂજન માટે આવશ્યક એક જ વસ્તુ છે - સંઘ પ્રત્યે પૂજ્યબુદ્ધિ. પૂજ્યબુદ્ધિ એ નૈશ્ચયિક પૂજન હોય છે. એ હોય પછી યથાશક્તિ વ્યવહાર તો થવાનો જ છે. જેની પહેરામણી સાથે સંઘજમણની શક્તિ હશે એ વ્યક્તિ એ કરશે. જેની ફક્ત પહેરામણીની શક્તિ છે તે એ કરશે, જેની ફક્ત પતાસાની પ્રભાવનાની શક્તિ છે તે એ કરશે,

જેની સંઘના ફક્ત પાંચ સભ્યોને પ્રભાવના આપવાની શક્તિ છે તે એ કરશે. જેની એ પણ શક્તિ નથી, એ પણ સંઘપૂજન કરે એ શક્ય છે, કારણ કે ખરું પૂજન તો પૂજ્યબુદ્ધિ જ છે. આપણા દ્વારા સંઘસ્વામિવાત્સલ્ય થઈ જાય, પણ પૂજ્યબુદ્ધિ ન હોય, તો સંઘપૂજા બાકી હોય છે.

**સંઘ એ મહાવીરનો પરંપરાદેહ છે, સંઘને જોઈને આંખમાં આનંદના આંસું આવે એ મહાવીરનો અભિષેક છે. સંઘના એક એક સભ્યને જોતા સાથે ઝુકી જઈએ એ મહાવીરનું ચૈત્યવંદન છે. સંઘની એક પણ વ્યક્તિ તકલીફમાં હોય એ આપણા માટે અસહ્ય બની જાય એ મહાવીરની સાથે મારાપણાની લાગણી છે. સંઘનો એક માણસ આર્થિક રીતે પણ ઉપર આવે ને આપણને આનંદ આનંદ થઈ જાય એ મહાવીરની સ્તુતિ છે, 'સંઘ' આ નામ પડતાની સાથે રોમાંચ થઈ જાય એ મહાવીરની પૂજા છે. 'સંઘ' ખાતર અડધી રાતે ય આપણે ઊભા રહેવા તૈયાર હોઈએ એ મહાવીરની આંગી છે. સંઘ ખાતર જીવનસમર્પણ કરવાની ભાવના સાકાર બને એ મહાવીરની શાશ્વતી મહાપૂજા છે.**

એક સપનું જોઈએ-દેરાસરની બહાર પાર્ક કરેલી ગાડીઓને આપણે સાફ કરી રહ્યા છીએ. એક સપનું જોઈએ, પ્રભુના દર્શનાર્થીઓના પગરખાંને આપણે પાલિશ કરી રહ્યા છીએ, એક સપનું જોઈએ, આપણે દેરાસરના દરવાજા બહાર રોડ પર ઊભા છીએ અને નાના-મોટા જે આવે એમને હાથ જોડી માથું નમાવી પ્રણામ કરી રહ્યા છીએ. એક સપનું જોઈએ, સંઘના કોઈ પ્રસંગમાં વ્હાલસોયા દીકરાને જમાડતા હોઈએ એ ઉમળકાથી આપણે સંઘના સભ્યોને પીરસી રહ્યા છીએ...

આજે આટલું સપનું પણ જો જોઈ શકીએ તો એ મોટી સિદ્ધિ છે. આજે આટલું સપનું પણ ન જોઈ શકીએ તો આવતી કાલ શૂન્ય છે.

✳

# ☼ સંઘત્યાગ ☼

સુમિતભાઈ હોસ્પિટલાઈઝ્ડ થયા, એમનો મિત્ર ખબર કાઢવા આવ્યો. તબિયત પૂછી, લગભગ કશું જ સારું ન હતું, ત્રણ ફ્રેક્ચર, તાવ, ઉલ્ટી, કળતર, પીડા, દવાઓની આડ-અસર વગેરે વગેરે.. મિત્ર માથાનો હતો. કહે, 'આટલું તને શરીર હેરાન કરે છે ! કેટલું ખરાબ છે તારું શરીર ! ફોગટ તું આ શરીરમાં બેઠો છે, છોડી દે આ શરીરને !'

શું કહેશે સુમિતભાઈ ? શરીર હેરાન કરે છે - એ વાત તો ૧૦૦% સાચી જ છે. શરીર છોડી દેવાથી એ હેરાનગતિ મટી જવાની છે, એ પણ હકીકત છે, છતાં શરીર છોડવાની વાત તો દૂર છે, શરીર છોડવાનો વિચાર પણ સુમિતભાઈ કરી શકે તેમ નથી. ભાંગ્યું-તૂટ્યું-માંદલું-દુઃખદાયક.. પણ 'મારું' શરીર છે, એને છોડવાનો અર્થ 'મોત' છે. એ સુમિતભાઈ બરાબર સમજે છે.

**શરીરત્યાગનો અર્થ છે મૃત્યુ, સંઘત્યાગનો અર્થ છે અનંત મૃત્યુ. ભલે આપણો વિચાર બીજા સાથે ન મળે, ભલે ક્યારેક વાસણ ખખડે, ભલે ક્યારેક કોઈ દ્વારા મારા પ્રત્યે સારો વ્યવહાર ન પણ થાય, તો શું થઈ ગયું ? શું એના લીધે સંઘ છોડી દેવાય ?**

મને માન મળે તો હું કામ કરું આનો અર્થ છે સંઘત્યાગ. મને આગળ આવવા દો તો હું સંઘમાં આવું આનું નામ સંઘત્યાગ. અહીં બધા ઝગડા જ છે - આનું નામ સંઘત્યાગ

પરિવાર બગડે છે તો આપણે સુધારવા પ્રયાસ કરીએ છીએ, કારણ કે પરિવાર પ્રત્યે આત્મીયભાવ છે. શરીર તૂટું તૂટું થાય છે તો આપણે ICCU સુધીના બધા જ પ્રયાસ કરી છૂટીએ છીએ, કારણ કે શરીર પ્રત્યે આત્મીય ભાવ છે. સંઘમાં કંઈક અણબનાવ થતાની સાથે આપણે ફટ્ દઈને છેડો ફાડી શકીએ છીએ, કારણ કે સંઘ પ્રત્યે આપણને આત્મીયભાવ જ નથી.

જ્યાં છેડો ફાડી શકાય છે, ત્યાં હકીકતમાં છેડો સંધાયો જ નથી હોતો. અણબનાવ થતાની સાથે આપણે છૂટ્ટા થઈએ એનો અર્થ આપણે આમે ય છૂટ્ટા થવાની રાહ જ જોતા હતા.

✳

## ✳ પ્રેમ ✳

**When love is thin, faults are thick,**
**When love is thick faults are thin.**

*પ્રેમ પતલો હોય, ત્યારે ભૂલો તગડી હોય છે,*
*પ્રેમ તગડો હોય, ત્યારે ભૂલો પતલી હોય છે,*

**ખરો સવાલ ભૂલનો છે જ નહીં, પ્રેમનો છે.**
**એ નથી, તો વગર ભૂલે ય છૂટાછેડા હોય છે.**

દેરાસરની એક એક વાટકી સાથે આપણને પ્રેમસંબંધ ખરો ? આપણે કદી દેરાસરના એકાદ થાંભલાની કાર્વિંગમાં મમતા સાથે હળવા હાથે પોતું કરીને ક્લિનિંગ કર્યું ખરું ? આપણે ઉપાશ્રયના પગથિયાને ક્યારે પગે લાગ્યા ? આપણે કદી ગદ્ગદ્ભાવે દેરાસરના માળીનો ઉપકાર માન્યો ખરો ? બાર મહિનામાં બાર દિવસ આપણા એવા ખરા કે પાઠશાળાના બાળકોને આપણે પ્રેમથી માથે હાથ ફેરવીને બોલ્યા હોઈએ – 'બેટા, તું પાઠશાળા આવ્યો !! બહુ સારું કર્યું.' પાણી ઉકાળનારા માણસને આપણે ક્યારેય પગે પડ્યા કે તમે તો અમારા સાધુ-સાધ્વીજી ભગવંતોને પાણી વહોરાવો છો. તમે ય અમારા માટે વંદનીય છો, આપણા ઘરે પ્રસંગ હોય, એમાં દેરાસરના પૂજારી કે ઉપાશ્રયના સફાઈ કામદારો સહભાગી બન્યા હોય ખરા ? સંઘમાં પ્રસંગ હોય ને આપણા સમય ને શરીરનું કશું જ યોગદાન અપાઈ શક્યું ન હોય, તો આપણને રાતે ઊંઘ ન આવે, બધું ખાલી ખાલી લાગે – આવું થાય ખરું ?

**આપણે દેરાસર સાધારણમાં રકમ લખાવી છે. ઉકાળેલા પાણીની તિથિ નોંધાવી છે, પાઠશાળામાં આપણો ફાળો હોય જ છે અને સંઘમાં પ્રસંગ હોય એમાં એક શુભેચ્છક તરીકે આપણું નામ લખાવીએ જ છીએ, એનો આપણને સંતોષ હોય છે, પણ જેને 'સંઘપૂજા' કહેવાય એવું કશું આપણે કરી શક્યા નથી એની આપણને વ્યથા ખરી ?**

'સાહેબજી હવે એવું છે ને વાત બધી આપની સાચી, પણ આપને બધી અંદરની ખબર ન હોય, અહીં આટલા લફડાં છે, પેલાએ આમ કર્યું, ઓલાએ આમ કર્યું, એમણે મને આવો જવાબ આપ્યો, એણે મારા માટે આમ કહ્યું, એટલે હવે મારું મન અહીંયા નથી, મારો ફ્રેન્ડ મને એક વાર ત્યાં લઈ ગયો હતો, ત્યાં કોઈ ખીટ-પીટ નથી, બધું જ સિસ્ટમેટિક... બધું જ ડિસિપ્લીનમાં... બધું જ પોલાઈટ... પ્રેઝન્ટેશન પણ સારું... હવે મારો ત્યાં જ જવાનો વિચાર છે... આપણે માથાકૂટમાં નથી માનતા.'

સારું એટલું નક્કી કરો કે જ્યાં માથાકૂટ થાય ત્યાંથી નીકળી જવું, પહેલા ઘરમાંથી નીકળી જવું પડશે, બીજું ધંધામાંથી નીકળી જવું પડશે, ત્રીજું શરીરમાંથી નીકળી જવું પડશે.

✷

## ✷ વડલો અને બિલાડીનો ટોપ ✷

**જિનશાસન એ વડલાનું ઝાડ છે, જેનું વૃક્ષારોપણ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ કર્યું છે. દુનિયાની આ પ્રાચીનતમ સંસ્થા છે જે તેના મૂળસ્વરૂપે આજે ય અસ્તિત્વ ધરાવે છે. એ શાખા-પ્રશાખા-પ્રપ્રશાખા વગેરેરૂપે સતત વધતી વધતી આજે ખૂબ ખૂબ 'ઘેઘુર' કક્ષાને આંબી છે. એની વિરાટતા... એનો છાંયડો... એના ફળો... એમાં રહેતા સેંકડો-હજારો પંખીઓ, એની નીચે વિસામો લેતા મુસાફરો... આ બધાની જોડ જડે એમ નથી.**

હા, એની કોઈ વડવાઈ કોઈએ એવી રીતે તોડી છે કે એ બેડોળ લાગે છે, કોઈ કૃતઘ્ન મુસાફરે એની છાયામાં જ થોડી ગંદકી કરી છે. કેટલાંક વાંદરાઓએ એની અમુક ડાળીઓમાં તોફાન મચાવ્યું છે, કેટલાંક પંખીઓની ચરકથી એ જરા ખરડાયો છે. બની શકે.

એટલે અમુક મુસાફરો વિચાર કરે છે. 'જો આ વરસાદમાં સામે એક બિલાડીનો ટોપ ઉગ્યો છે. બ્યુટીફુલ, એકદમ ડિસન્ટ, એનો ચળકાટ તો જુઓ, નથી ત્યાં તોફાન, નથી ત્યાં ચરક, નથી ત્યાં ગંદકી ને નથી ત્યાં ભાંગ-ફોડ... ચાલો આપણે હવે આ વડલાને છોડીએ, કેટલો જુનો છે આ વડલો, હવે વડલાના જમાના ગયા... બસ, હવે તો આ બિલાડીનો ટોપ છે....' ને તેઓ ત્યાં જવાની તૈયારી કરે છે.

એવામાં કેટલાંક પીઢ મુસાફરો કહે છે, ભલા માણસ, તમને કાંઈ અક્કલ છે કે નહીં ? ગમે તેમ તો ય વડલો એ વડલો. વડલો ૩૦૦ વર્ષ જુનો છે. એ બિલાડીનો ટોપ ૩ દિવસ જુનો છે. એ ૩૦ દિવસ પણ ટકશે કે નહીં એ પ્રશ્ન છે. એટલો સમય પણ એ તમને છાયો આપી શકે, તમારી રક્ષા કરી શકે તેમ નથી. **દુનિયાભરના બિલાડીના ટોપ મળીને ય તમને એ નહીં આપી શકે જે એ વડલો આપી શકશે.** સૌન્દર્ય ને ચળકાટ જો આપણી રક્ષા ન કરી શકે, તો આપણે શા કામના ? એનું સૌન્દર્ય ને એનો ચળકાટ એને જ મુબારક. ભલા માણસ, વસ્તુ જેટલી વધુ જુની હોય એટલી એમાં નવા-જુની વધારે હોય, બિલાડીના ટોપનું આયુષ્ય પણ નાનું, એની સાઈઝ પણ નાની ને એની પાસે આવનારાની સંખ્યા ય નાની, એમાં કેટલી નવા-જુની થાય ? વડલો પોતે મોટો એનું આયુષ્ય પણ મોટું ને એમાં આવનારો વર્ગ પણ મોટો એટલે એમાં વધુ નવા-જુની થાય.

**ખરો સવાલ તો ઓછી નવા-જુની કે વધુ નવા-જુનીનો છે જ નહીં. ખરો સવાલ તો આપણી સુરક્ષા ક્યાં છે એનો જ છે. અહીં નવા-જુની છે ને ત્યાં ચળકાટ છે, આ બધું જોવામાં તમે તમારી સુરક્ષાનો મૂળ મુદ્દો**

**જ ખોઈ બેઠા છો. જે પોતાની ય સુરક્ષા નથી કરી શકવાનું, એ તમારી સુરક્ષા શું કરશે ?**

વડલાના ત્યાગમાં વડલો આપણને નથી ગુમાવતો, આપણે વડલાને ગુમાવીએ છીએ. વડલાનો ત્યાગ એ સુરક્ષાનો ત્યાગ છે. વડલાનો ત્યાગ એ ભવિષ્યનો ત્યાગ છે. વડલાનો ત્યાગ એ આત્માનો-જાતનો ત્યાગ છે.

બિલાડીના ટોપ પાસે ફાસ્ટ પ્રોગ્રેસ છે, એક્સ્ટ્રા બ્યુટી છે, એક અલગ જ એક્ઝીસ્ટન્સ છે, વડલા પાસે એમાંથી કશું જ નથી, કારણ કે વડલો એ બિલાડીનો ટોપ નથી, વડલો એ વડલો છે.

**નવા તમામ પંથો બિલાડીના ટોપ છે, જિનશાસન વડલો છે. એમાં ક્યાંક કંઈક તૂટી ગયું છે તો આપણે સમારકામ કરવું ? કે રવાના થઈ જવું ? એમાં ક્યાંક તોફાન આવ્યું તો આપણે વડલાના પક્ષે ઊભા રહેવું કે વડલા પર જ 'તોફાન નિવાસ' નો આરોપ મુકવો ? એ ક્યાંક ખરડાઈ ગયો તો આપણે એનું શુદ્ધિકરણ કરવું કે છી છી કહીને હાલતા થવું ?**

વડલો એકવીશ હજાર વર્ષ ટકવાનો. વડલો વિસ્તરતો રહેવાનો. વડલો આપણા આત્માની સુરક્ષા કરવાનો, વડલો શીળી છાયા આપવાનો, વડલો સંસારનો તાપ-સંતાપ રોકવાનો. વડલાની ને બિલાડીના ટોપની તુલના હોય જ નહીં, વડલો છોડીને બિલાડીના ટોપમાં છાયો ગોતવા જવું એ મૂર્ખામી છે.

✵

## ❊ સંઘ સંવેદના ❊

પરમ પાવન શ્રી ભગવતીસૂત્રમાં એક ઘટનાનું વર્ણન છે. ચમરેન્દ્ર પોતાના અપરાધી હોવાથી સૌધર્મેન્દ્ર એમના પર વજ્ર છોડે છે. પાછળથી ખ્યાલ આવ્યો કે એ ભગવાનનું શરણ લઈને આવ્યા હતા. પ્રભુના

શરણાગત પર પોતે વજ્ર છોડ્યું એના પારાવાર પસ્તાવા સાથે સૌધર્મેન્દ્ર દોડે છે. ગજબનાક ઝડપ સાથે અસંખ્ય યોજનનું અંતર કાપે છે. ચમરેન્દ્ર મચ્છર જેવું નાનું રૂપ કરીને ભગવાનના બે પગ વચ્ચે ભરાઈ જાય છે. વજ્ર એમનાથી ચાર જ આંગળ દૂર હોય છે ત્યારે હાંફળા ફાફળા બનીને તીવ્ર તીવ્ર ગતિએ આવીને વજ્રને પકડી લે છે.

એક બાજુ ચમરેન્દ્ર શક્રના ભયથી ધ્રુજી રહ્યા છે, બીજી બાજુ શક્ર પ્રભુની આશાતનાના મુદ્દે વ્યથિત થઈ ગયા છે. શક્રેન્દ્ર પ્રભુને પ્રદક્ષિણા આપે છે લળી લળીને વંદન કરે છે, ને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડે છે. ‘પ્રભુ ! મને માફ કરો, મને ખબર નહીં કે એ આપનું શરણ લઈ આવ્યા હતા. મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ. આપના ભક્ત પર મેં વજ્ર છોડ્યું.’ શક્ર ચમરેન્દ્રને પણ ખમાવે છે અને ‘હવે મારાથી તને કોઈ ભય નથી’ એમ કહે છે.

**જે પ્રભુનો ભક્ત છે એના હજાર ગુના કે દોષો ગૌણ બની જાય ને એની આશાતનામાં પ્રભુની આશાતના થઈ જાય. એ પ્રભુનો ભક્ત છે એમાં જ બધું આવી જાય છે - આવો સ્પષ્ટ સંદેશ ભગવતી સૂત્ર આપે છે.**

ભગવતી સૂત્રમાં પ્રભુ વીર કહે છે, ‘શક્ર સંઘના સુખકામી હિતકામી હોવાથી એકાવતારી છે.’ પ્રભુ એમ નથી કહેતા કે, પૂર્વભવની ઘોર સાધનાથી શક્ર એકાવતારી છે. પ્રભુનો આશય એ છે કે બીજી ઉત્કૃષ્ટ આરાધનાઓ કરતાં પણ સંઘ પ્રત્યેનો અહોભાવ-હિતભાવના વધુ મોટી વસ્તુ છે.

દુન્યવી સૂત્ર છે. **सर्वे गुणाः काञ्चनमाश्रयन्तः**, બધાં જ ગુણો ‘સોના’માં છે. પૈસા છે તો બધા જ ગુણો છે. શાસનનું સૂત્ર છે. બધા જ ગુણો સંઘ-બહુમાનમાં છે. ત્રણ દોષો એવા છે જે સંઘ બહુમાનના વિઘ્ન બને છે.

✷

# ❊ કર્તૃત્વાભિમાન ❊

'મેં કર્યું' જિનશાસનને સમજશું તો આ શબ્દો ભૂલી જઈશું. જિનશાસનની શરૂઆત જ 'નમો' થી થાય છે. ને આપણી વાતની શરૂઆત જ 'મેં આ કર્યું ને પેલું કર્યું'-થી થાય છે.

નિશ્ચય દૃષ્ટિએ 'મેં કર્યું' આ મિથ્યાત્વ છે. 'દેવ-ગુરુ-પસાય થયું' આ સમ્યકત્વ છે. તમે સંઘના કેટલા કામ કર્યા આનું ગણિત રાખવું એ પણ એક પ્રકારનો પરિગ્રહ છે. સુકૃત અનુમોદના જુદી છે કર્તૃત્વાભિમાન જુદું છે. મેં કર્યું ઘણું પણ મને એનો બદલો ન મળ્યો. આ વિચાર એનું પ્રુફ છે, કે આપણે સંઘની સેવા ન'તી કરી. ધંધો કર્યો હતો. 'હું કરું છું તો હું મારી રીતે કરીશ.' આ વૃત્તિ સાબિત કરે છે કે આપણને સંઘ સેવા કરતા અહં-સેવામાં વધારે રસ છે.

દુનિયાની કોઈ મા દીકરાની પોતે કેટલી સેવા કરી એની ગણતરી રાખતી નથી ને ક્યાંય બોલતી નથી. મેં નવ મહિના એનો ભાર ઉપાડ્યો, મેં મોત જેવી પીડા વેઠી એને જન્મ આપ્યો. મેં આખો દિવસ ઘરનું કામ કરીને રાતે એના ઉંવા ઉંવા સાથે ઉજાગરા કર્યા, હજારો વાર મારા હાથે એની ગંદકી સાફ કરી, હજારો વાર એની તદ્દન વિચિત્ર વર્તણૂંક સહન કરી. મહેનત-મજૂરી કરી એની ઈચ્છાઓ પૂરી કરી. મેં ફાટલા કપડા પહેરી એના શોખો પૂરા કર્યા. આવું કશું કોઈ મા વિચારતી પણ નથી... **મા એટલે નિઃસ્વાર્થ સેવા, મા એટલે નિર્નોંધ સેવા, મા એટલે નિર્ગણિત સેવા, મા એટલે નિઃકર્તૃત્વ સેવા, મા એટલે શૂન્ય બનીને કરાતી સેવા, મા એટલે સમર્પણમાં ઓળઘોળ બનેલી સેવા, મા એટલે જાણે પોતાની જ સેવા, મા એટલે શાશ્વત સેવા, મા એટલે અઢળક ઉપકારો ના બદલામાં અઢળક અપકારો વેઠ્યા પછી પણ સેવા કરવા થનગનતી સેવા.**

'દીકરા' માટે 'મા' ની ઉંચાઈને આંબવા છતાં આત્માનો મોક્ષ થતો નથી, ઉલ્ટે પુત્રમોહથી સંસાર વધે છે. 'સંઘ' માટે જ્યારે વાત્સલ્ય

ભાવ જાગે ને 'સંઘ' માટે 'મા'ની ઊંચાઈને આંબી શકાય. ત્યારે મોક્ષ મળે છે.

સંઘ માટે અબજો રૂપિયા ખર્ચી બધી રીતે સંઘનું મંગલ કરવાની આખી જિંદગી લગાવી દેનાર વસ્તુપાલના અંતિમ સમયના ઉદ્‌ગારો હતા.

**कृतं न सुकृतं किञ्चित् सतां संस्मरणोचितम् ।**

*મેં એવું કોઈ જ સુકૃત નથી કર્યું,*
*જે સજ્જનોને યાદ કરવા યોગ્ય હોય.*

મુસ્લિમ બાદશાહની ખાણમાંથી જે પ્રતિમા માટેની શિલાઓ મેળવી શકે, મહાત્માને તમાચો મારનાર રાજાના મામાના ય જે હાથના આંગળા કપાવી શકે, એક જીવનમાં જિનશાસનની સો જીવન જેટલી સેવા જેમણે કરી છે એ વ્યક્તિ કહે છે -

**कृतं न सुकृतं किञ्चित् सतां संस्मरणोचितम् ।**
**मनोरथैकसाराणा-मेवमेव गतं वयः ।।**

*મેં કશું જ એવું સુકૃત નથી કર્યું,*
*જે સજ્જનોએ યાદ કરવા જેવું હોય.*
*બસ અમે તો મનોરથો જ કરતા રહ્યા*
*ને અમારી ઉંમર એમ ને એમ જતી રહી.*

આપણી શરૂઆત જ 'મેં કર્યું' ત્યાંથી થાય છે. જીવનના છેલ્લા દિવસે પણ જેમના શબ્દો હતા - 'મેં કશું નથી કર્યું' - એ વસ્તુપાલ મહામંત્રીએ કેટલા સુકૃતો કર્યા - ખબર છે ?

૧૩૧૩ નૂતન જિનાલયો, ૩૩૦૦ પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધારો, ૧,૨૫,૦૦૦ નૂતન જિનપ્રતિમા, ૭૦૦ દાનશાળાઓ, ૯૮૪ ઉપાશ્રયો, ૧૦૦ જ્ઞાનભંડારો, ૧૦૦ પથ્થરની પરબો + ૩૦૦ ઈંટની પરબો - જેમાં શ્રાવકો પાણી ગાળતા...

**ને એમનું કહેવું છે - 'મેં કશું નથી કર્યું. તો એમની તુલનામાં**

**આપણે ક્યાં ?' સંઘસેવામાં કર્તૃત્વાભિમાનનો અર્થ છે માતાના ઘરમાં તકતી લગાડવી, કર્તૃત્વાભિમાનનો અર્થ છે પિતાની સેવા કરી પહોંચ માંગવી, કર્તૃત્વાભિમાનનો અર્થ છે ભગવાનને આંગીનું બિલ આપવું, કર્તૃત્વાભિમાનનો અર્થ છે સાધર્મિકને ઘરે જમાડીને એમને જમાડવામાં કઈ આઈટમનો કેટલો ખર્ચ થયો એ જણાવવું. કર્તૃત્વાભિમાનનો અર્થ છે દાનની પહોંચોનું પોટલું આખી જિંદગી માથે લઈને ફરવું. કર્તૃત્વાભિમાનનો અર્થ છે સ્વદ્રવ્યના સ્ટેજ પર સ્વગુંથિત માળા સ્વહસ્તે પહેરી સ્વહસ્તે તાળીઓ વગાડવી.**

અધુરો ઘડો છલકાય, ખાલી ચણો વાગે ઘણો, સોના કરતા કાંસાનો અવાજ વધારે હોય, - આ બધી કહેવતો આપણને લાગુ નથી પડતી ?

કર્તૃત્વાભિમાન એટલે ગાડા નીચે ચાલતો કૂતરો, જે માને છે કે એ ગાડું ઉચકીને ચાલે છે.

**હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા**
**શકટનો ભાર જેમ શ્વાન તાણે**

**એ કૂતરો કમ સે કમ આપણા કરતા તો સારો જ છે. આપણે તો જે ગાડામાં બેઠા છીએ, એને આપણે ઉપાડીને ચાલતા હોઈએ, એવી આપણી અંતર્ગત માન્યતા હોય છે. જે સંઘમાં આપણે જન્મ્યા, જે સંઘમાં આપણે ઉછર્યા, જે સંઘે આપણને આરાધનાના અઢળક આલંબનો આપ્યા. જે સંઘે આપણી ભીતરમાં ધર્મને જન્મ આપ્યો ને એ ધર્મને સતત ઓક્સિજન પૂરો પાડ્યો, એ સંઘ જાણે આપણાથી જ છે, આટલી ભૂમિકા સુધી આપણે પહોંચી ગયા ?**

શાંતિથી આટલું વિચારશું તો આપણને કદી એમ નહીં લાગે કે આપણે સંઘની સેવા કરીને કંઈક ઉપકાર કર્યો છે. અબજો રૂપિયા આપનારને કોઈ રૂપિયો આપે પણ ખરો, તો ય એ દાતા નથી બનતો. અરે, એ રૂપિયો ય હકીકતમાં તો આપણે આપણા આત્માને જ આપ્યો હોય છે, કારણ કે એનાથી આપણા આત્માનું હિત થતું હોય છે.

આપણા સત્કાર્યો વસ્તુપાળના કેટલામે ભાગે ? ને આપણી જાહેરાતો એમના કરતા કેટલા-ગણી ? વસ્તુપાલે આખી જિંદગી કોઈ જાહેરાત કરી નથી. એક મહાત્માએ એમના જીવન પર - એમના સુકૃતો પર એક આખા ગ્રંથની રચના કરી. મહાત્મા-શ્રી જિનહર્ષ ગણિ. ગ્રંથ-શ્રી વસ્તુપાલચરિત. ગ્રંથના ૨૭૦ પાના છે. જેમાં પાને પાને વસ્તુપાલની કીર્તિ-પતાકા લહેરાઈ રહી છે. જેમાં છેલ્લે એ મહાત્મા કહે છે કે જે શાશ્વત ગણાતા દેવોના શ્વાસોચ્છ્વાસો ગણી શકે. એ જ વસ્તુપાલ-તેજપાલના સુકૃતોને ગણી શકે.

**સંઘનું કાર્ય કર્યા પછી આપણને જ્યારે એવું લાગે કે આપણે સંઘ પર ઉપકાર કર્યો છે, ત્યારે આપણા આત્મા પર થયેલો ઉપકાર રદબાતલ થઈ જાય છે. સંઘનું કાર્ય કર્યા પછી વખાણ જોઈએ છે, એટલે સેલરી જોઈએ છે, હાર જોઈએ છે, એટલે બોનસ જોઈએ છે, પદ જોઈએ છે, એટલે ગોલ્ડન પેરાશૂટ જોઈએ છે, સત્તા જોઈએ છે, એટલે ભાગીદારી જોઈએ છે, એકહથ્થુ સત્તા જોઈએ છે, એટલે માલિકી જોઈએ છે. જો આપણી આ જ ભૂમિકા છે તો આપણે સેવા કરી એવું કઈ રીતે કહેવાય ?**

કર્તૃત્વાભિમાન એ ભીતરની ગંદકી છે, જેનાથી માણસ ગંધાય છે. કરીને ઘોંઘાટ કરનાર કરતા ન કરીને મૌન રહેનાર વ્યક્તિ સહ્ય બને છે. કરીને મૌન રહેનાર શોભાસ્પદ બને છે અને કરીને પણ કશું નથી કર્યું આવું બોલનાર વંદનીય બને છે.

✳

## ✳ સ્વામિત્વાભિમાન ✳

જેમાં કંઈક મેળવવાની વૃત્તિ છે કે મેળવી લીધાનું ગુમાન છે.

હું તમને પૂછું છું - સંઘની સેવા કરીને આપણને જોઈએ છે શું ? નામ, પદ, વખાણ, વાહ-વાહ, હાર-તોરા, જો હા, તો આપણને ચંદનને બાળીને રાખ જોઈએ છે. વસ્તુપાળ જીવનના છેલ્લા દિવસે જે પ્રાર્થના

કરે છે, તે આ છે -

**यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवया ।**
**जिनशासनसेवैव, तेन मेऽस्तु भवे भवे ।।**

*જિનશાસનની સેવાથી મેં જે પુણ્ય ઉપાર્જ્યું હોય*
*તેનાથી મને*
*ભવે ભવે જિનશાસન-સેવા મળજો.*

**સેવાના બદલામાં આપણને કંઈક જોઈએ છે એનો અર્થ એ છે કે જે જોઈએ છે એ વસ્તુ સેવા કરતા ઊંચી છે, એનો અર્થ એ છે કે સેવા એ તુચ્છ છે, ને એ વસ્તુ મહાન છે. જેને સેવા તુચ્છ લાગે છે એ સેવા કરશે કઈ રીતે ? તો જેને સેવાના બદલામાં કોઈ વસ્તુ જોઈએ છે, એને સેવા કર્યા વિના સેવાનો બદલો જોઈએ છે. સેવા એક બહાનું છે. બદલો લેવા માટેનો ઉપાય છે. ખરા ભાવ વિના એ ખરો ઉપાય પણ નથી રહેતો અને નર્યો દંભ બની જાય છે.**

જે સેવા આપણને મોક્ષ અપાવી શકે તેમ છે, એને સોદો-ધંધો-માધ્યમ બનાવીને એ જ સેવાધર્મની અવગણના કરવા દ્વારા આપણે આપણો સંસાર વધારી દેતા નહીં હોઈએ ? ધારો કે આપણે ઉપાશ્રયમાં ગયા. ગુરુદેવ પાસે ઊભા રહ્યા. એક મહાત્માને કહ્યું, 'મારા માટે ખુરશી લાવો.' - આપણે કેવા લાગશું ? ત્યાં હાજર રહેલા લોકો શું કહેશે ? કહેશે કે તૂટી પડશે ? 'આ શું ? તમે મહાત્મા પાસેથી ખુરશીની અપેક્ષા રાખો છો ?'

હું તમને પૂછું છું, સંઘની સેવાના નામે જ્યારે આપણને ખુરશી જોઈએ છે, ત્યારે આપણી એ જ અપેક્ષા નથી ? કે મહાવીર આપણને ખુરશી લાવી આપે ?

**સંઘસંવેદના જો ભીતરમાં વહેવા લાગશે, તો હાર એ ચપ્પલનો હાર લાગશે, વખાણો ગાળો લાગશે ને ખુરશી એ અગ્નિની ચિતા લાગશે.**

વસ્તુપાળને 'સંઘપતિ' તરીકે નવાજવામાં આવ્યા ત્યારે એમની આંખોમાં આંસુ ધસી આવ્યા, એ બેબાકળા થઈ ગયા. ગુરુદેવને એમણે ભાવાવેશમાં કહ્યું, - 'હું સંઘનો પતિ ? સંઘનો સ્વામી ? નંદીસૂત્ર જેવા આગમોની અંદર જેના ચાર નહીં પણ ચારસો મોંએ વખાણો કર્યા છે. જે તીર્થંકરોને પણ વંદનીય છે, જે પંચપરમેષ્ઠી ભગવંતોની ખાણ છે, એનો હું પતિ ? આ કઈ રીતે સંભવી શકે ?'

હું તમને પૂછું છું, આપણા ખોટા ય વખાણોને આપણે રોક્યા ક્યારે ? કૂતરાને ય એની ગલીનું સ્વામિત્વાભિમાન હોય છે, એણે માની લીધું કે આ મારી ગલી છે. આપણે ય આવું કેટકેટલું માની લીધું હોય છે !

ત્રણ પ્રકારની વહુ હોય છે. (૧) જે સાસુની સેવા જ ન કરે (૨) જે શેઠાણી બનીને સેવા કરે, જાણે સાસુની માલિક હોય, જો સાસુને એની સેવાનો ખપ હોય, તો એણે એની આજ્ઞામાં રહેવું પડે. એ ન ફાવે તો સેવા ગુમાવવી પડે. (૩) જે સેવિકા બનીને સેવા કરે. સેવા કરે ને સાસુની આજ્ઞામાં પણ રહે. ખરી સેવા આ જ હોય છે.

**સ્વામિત્વાભિમાનના મૂળમાં કર્તૃત્વાભિમાન હોય છે. 'મારો સંઘ' આ બે રીતે બોલી શકાય છે. (૧) સ્વામિત્વની સંવેદનાથી (૨) આત્મીયતાની સંવેદનાથી. સ્વામિત્વની સંવેદના શેઠ બનાવે છે. આત્મીયતાની સંવેદના દાસ બનાવે છે. 'શેઠ' એ રીતે વિચારશે કે આ દેરાસર, ઉપાશ્રય, પેઢી વગેરે મારું છે. આ બધું મારી રીતે ચાલવું જોઈએ, બધાએ મારી ઈચ્છા મુજબ ચલાવવું જોઈએ. એમાં કાંઈ પણ આઘું-પાછું થાય એ હરગીઝ ન ચાલે : દાસ એમ વિચારશે કે મને આમાં ક્યાંક પણ કંઈક પણ કરવા મળી જાય તો મારું અહોભાગ્ય.**

વસ્તુપાળના હૃદયમાં આ સંવેદના હતી, આત્મીયતાની, સ્વામિત્વના ઓછાયાથી પણ એ ફફડી ઉઠ્યા હતા. હું સંઘનો સ્વામી કઈ રીતે ? જો હું ગુરુદેવનો સ્વામી નથી, જો હું ભગવાનનો સ્વામી નથી, તો

દેવ-ગુરુને પણ વંદનીય એવા સંઘનો સ્વામી હું કઈ રીતે હોઈ શકું ?

આપણે અંદર સંસાર ભરીને શાસનમાં આવી પણ ગયા તો ય શાસન દ્વારા ય આપણે આપણા કષાયો પોષવાનું જ કામ કરવાના છીએ. એક જણ મોબાઈલથી એની દુન્યવી વાસનાઓને પોષે છે, ને બીજી વ્યક્તિ મહાવીરથી એની દુન્યવી વાસનાને પોષે છે, બંને માટે - છે તો બંને એક સાધન જ. એક વ્યક્તિ સ્ત્રીની લાલસાથી સંસાર વધારે છે, બીજી વ્યક્તિ પોસ્ટની લાલસાથી સંસાર વધારે છે. બંને કરે છે તો સંસારવૃદ્ધિ જ.

**મહાવીર એ માધ્યમ નથી સાધ્યમ્ છે. જેનાથી ક્યાંક પહોંચવાનું છે એ મહાવીર નથી. જ્યાં પહોંચવાનું છે એ મહાવીર છે. જેમના ખભે ચડીને ઉપર ક્યાંક જવાનું છે એ મહાવીર નથી, જેમનાથી ઊંચું કશું છે જ નહીં એ મહાવીર છે. મહાવીરનો ઉપયોગ નથી કરવાનો, મહાવીરની ઉપાસના કરવાની છે. ભારે કર્મી જીવ આખી જિંદગી મહાવીરનો-સંઘનો-ધર્મનો લાભ ઉઠાવવાની મથામણ કર્યા કરે છે ને છેવટે બધું પામીને ય બધું હારી જાય છે, હળુકર્મી જીવ બધું પામીને માથે ચડાવીને-ઉપાસના કરીને આત્મકલ્યાણ સાધી લે છે.**

વસ્તુપાળ ઉપાશ્રયમાં ગયા છે, ગુરુદેવનું વ્યાખ્યાન ચાલી રહ્યું છે. અહોભાવપૂર્વક વ્યાખ્યાન સાંભળે છે. વ્યાખ્યાન બાદ ગુરુદેવને શાતા પૂછે છે. કામ-કાજ પૂછે છે. ઉપાશ્રયમાં પાછા પગલે દરવાજા તરફ આવી રહ્યા છે ને એ સમયે એક શ્રાવક ત્યાં પતાસાની પ્રભાવના કરી રહ્યા છે.

તમારી ભાષામાં 'નાનો માણસ'. લોકો ક્રમબદ્ધ બહાર જતા જાય છે ને એ 'નાનો માણસ' પતાસાની પ્રભાવના કરતો જાય છે.

**હું તમને પૂછું છું - પૈસાનું મૂલ્ય વધુ ? કે પરમેશ્વરનું મૂલ્ય વધું ? જેની પાસે પૈસા છે એ મહાન ? કે જેની પાસે પરમેશ્વર છે એ મહાન ? જેની પાસે પરમેશ્વર છે, પૈસા નથી, એ જો નાનો માણસ હોય, તો**

**એનો અર્થ એ છે કે પૈસા કરતા પરમેશ્વર નાના છે, પરમેશ્વર નથી. પૈસા છે એ જો મોટો માણસ છે, તો એનો અર્થ એ છે કે પરમેશ્વર કરતા પૈસા મોટા છે.**

મને પેલા ઝાંઝળશા યાદ આવે, સંઘ લઈને નીકળ્યા હતા, રાજાએ આમંત્રણ આપ્યું, 'સંઘના મુખ્ય વ્યક્તિઓ જમવા આવે.' ને રાજા જેવા રાજાને ઝાંઝળશાએ કહી દીધું- 'અમારો સમગ્ર સંઘ મુખ્ય છે. અહીં કોઈ નાના છે જ નહીં.'

સંઘના એક પણ સભ્ય સાથે ઊંચા અવાજે વાત કરવી એ ભગવાન મહાવીર સાથે ઝગડો કરવા બરાબર છે. સંઘની એક પણ વ્યક્તિ સાથે તોછડાઈથી વાત કરવી એ ભગવાન મહાવીરને ધુત્કારવા બરાબર છે, સંઘની એક પણ વ્યક્તિનો ભાવ તોડી નાંખવો એ સમવસરણમાં પગ મુકવા જતી વ્યક્તિને કાઢી મુકવા બરાબર છે. સંઘના પરિસરમાં આવેલી અજૈન વ્યક્તિ સાથેનો પણ ઘસાતો વ્યવહાર એ ઈન્દ્રભૂતિને ગૌતમસ્વામી બનતા રોકવાની ચેષ્ટા છે.

✻

## ✻ 3 અક્ષર ✻

ભગવતીસૂત્રની એક ઘટના છે. ભગવાન મહાવીરસ્વામી ગૌતમસ્વામીને કહે છે કે, ''ગૌતમ ! હમણા ખંદક પરિવ્રાજક અહીં આવશે.'' પ્રભુ પાસેથી આ વચન સાંભળીને ગૌતમસ્વામી પ્રભુની રજા લઈને ખંદક પરિવ્રાજકને લેવા જાય છે.

જે ગૌતમસ્વામીના સિનિયર મુનિ નથી. જે મુનિ પણ નથી. જે કોઈ ઉત્કૃષ્ટ શ્રાવક નથી. જે કોઈ વ્રતધારી શ્રાવક પણ નથી, અરે જે જૈન સુદ્ધા નથી. અરે, જે ન્યુટ્રલ ગૃહસ્થ પણ નથી. જે બીજા ધર્મમાં દીક્ષિત છે, એમને ગૌતમસ્વામી સામે લેવા જાય છે, ભગવતીસૂત્રમાં ગૌતમસ્વામીના ઉદ્‌ગારો છે -

''સાગયં'' હે ખંદક ! તમારું સ્વાગત છે. 'સુસાગયં' તમારું ખૂબ સ્વાગત છે.

**સર્વલબ્ધિનિધાન પ્રથમ ગણધર ચૌદપૂર્વી દ્વાદશાંગીસર્જક 'નેક્સ્ટ ટુ મહાવીરસ્વામી' એવા ગૌતમસ્વામી... અંદરથી ને બહારથી સંપૂર્ણ સમૃદ્ધ એવા ગૌતમસ્વામી એક જીવને ધર્માભિમુખ કરવા માટે આટલા નમી શકે... તો આપણે તો બહારથી ય ખાલી. અંદરથી ય ખાલી... છતાં આપણે નમી ન શકીએ ?**

એ જ ખંદક પરિવ્રાજક પ્રભુવાણીને ઝીલીને ખંદક અણગાર બને છે. એ જ ખંદક અણગાર શાસ્ત્રોના પારગામી બને છે, એ જ ખંદક અણગાર ગુણરત્નસંવત્સર તપ કરે છે. ને પોતાના આત્માનું કલ્યાણ સાધી જાય છે.

આ બધાના મૂળમાં ગૌતમસ્વામીના ત્રણ અક્ષરો છે. ''સાગયં'' અક્ષર ત્રણ જ છે, પણ પ્રેમથી ભીના ભીના કરી દે એવા છે, વાત્સલ્યમાં ઝબોળેલા છે. સામી વ્યક્તિનો ભાવોલ્લાસ વધે તેવા છે.

✷

# ☼ મધ કે ઝેર ? ☼

**હું તમને પૂછું છું, દુકાનમાં આવેલા ઘરાક પ્રત્યે તમારું વર્તન કેવું હોય ? ઘરે આવેલા જમાઈ પ્રત્યે તમારું વર્તન કેવું હોય ? અને સંઘના સ્થાનોમાં આવેલી વ્યક્તિ પ્રત્યે તમારું વર્તન કેવું હોય ? તમારા વર્તનથી અહીં આવેલી વ્યક્તિનો ઉલ્લાસ વધે કે તૂટે ? તમારા શબ્દોથી એની સંઘ પ્રત્યેની લાગણી જાગે કે મરી પરવારે ? તમારું વલણ એને રોજ અહીં દોડતા આવવાનું મન થાય એવું હોય ? કે ભૂલે-ચૂકે અહીં પગ ન મુકવો-એવું ઈગો-હર્ટ કરનારું હોય ?**

મને કહેવા દો કે તમે અધિકારી હો કે અનધિકારી હો, કાર્યકર હો કે ન હો, સંઘના એક પણ સ્થાનમાં આવેલી એક પણ વ્યક્તિને

ઉતારી પાડવાનો, એનું અપમાન કરવાનો, એને ખરાબ ચિતરવાનો તમને કોઈ અધિકાર નથી. આપણને શરમ ન આવે ? એ વ્યક્તિ સંઘથી દૂર જશે, સંસારની નજીક જશે, એ પુણ્ય છોડીને પાપ કરશે, એ સંઘ પ્રત્યે દુર્ભાવ લઈને જશે, એ મનમાં જિનશાસન પ્રત્યે અણગમાની ગાંઠ બાંધશે, એ બીજા પાંચ-પચ્ચીશ જણના ભાવોને ય તોડી પાડશે. આ દોષ કોના માથે ?

**આપણા ઘરાક સાથે આપણે મધ-ઝરતો વ્યવહાર કરીએ અને અહીં આવનાર વ્યક્તિ પર ભૂલે કે વગર ભૂલે ઝેરની પિચકારી છોડીએ આનો અર્થ શું ?**

ભગવાન હોઠ ખોલે તો કહી દે કે ભાઈ, આખી જિંદગી મેં જે ઈમારત ચણવાનો પ્રયાસ કર્યો હતો, એને તું તોડવાનો પ્રયાસ કરી રહ્યો છે. આખી જિંદગી મેં જેમને તારવાનો પ્રયાસ કર્યો હતો. એમને તું ડુબાડવાનો પ્રયાસ કરી રહ્યો છે. તું ભૂલે ચૂકે એવી ગેરસમજમાં ન રહેતો કે તું વ્યવસ્થા કરી રહ્યો છે. તું હકીકતમાં તોફાન કરી રહ્યો છે. તું હકીકતમાં ભાંગફોડ કરી રહ્યો છે. તું એવું કામ કરી રહ્યો છે, જેનાથી આ દેરાસર, ઉપાશ્રય, આંબેલખાતું, પાઠશાળા, વ્યાખ્યાન-આ બધાનો અર્થ જ ન રહે, અરે, હજી આ બધું ન હોત તો હજી કોઈને સંઘ પ્રત્યે દુર્ભાવ થવાની શક્યતા ન રહેત. એ વ્યક્તિ આરાધના ન કરત એટલું જ, એ વ્યક્તિ 'દ્વેષ' ની ગાંઠ બાંધીને આશાતના તો ન કરત.

**પોતાને વિદ્વાન અને સ્વામી માનતા ઠેકેદારો સંઘને ખેદાન-મેદાન કરવામાં ક્યારેક મોટો ફાળો નોંધાવતા હોય છે. હું કહું છું મરી જજો, પણ અહીં આવનાર નાનામાં નાની કે મોટામાં મોટી - કોઈ પણ વ્યક્તિ સાથે કદી ગેરવર્તન નહીં કરતા. તમને આવડે તો એને પ્રેમથી નવડાવી દેજો, તમને ફાવે તો એને અનરાધાર વાત્સલ્ય આપજો, એ સંકોચાય તો સામે ચાલીને હૂંફ અને પીઠબળ આપજો. કશું ન ફાવે તો મૌન**

**રાખજો. મૌન ન જ રહેવાય તો ઘરે બેસજો, પણ સંઘમાં આવેલી એક પણ વ્યક્તિની આશાતના નહીં કરતા.**

શાસ્ત્રો કહે છે કે બાળજીવને તો ભરપૂર લાગણી આપવી જોઈએ. એની સામે આપણને તૂટી પડવા માટે ને ચડી બેસવા માટે બાળજીવો જ ફાવતા હોય છે. તમે કઈ રીતે સાચા છો એ બધી વાત માળિયે ચડાવી દો ને તમારી આ રીત પ્રભુદ્રોહ, શાસ્ત્રદ્રોહ અને સંઘદ્રોહ છે – એટલું નક્કી સમજી રાખો.

પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.ની તબિયત નાદુરસ્ત હતી, વંદનાર્થીઓ આવ્યા કરે ને બધાને મળવા દેવાય તો પૂજ્યશ્રીને ખૂબ પરિશ્રમ પડે, માટે શિષ્યો ક્યારેક કોઈને પૂજ્યશ્રી સુધી ન જવા દે, તો પૂજ્યશ્રી ઠપકો આપતા, **"ભગવાને એને મારા સુધી મોકલ્યો ને તમે એને પાછો કાઢશો ? આવી અમૈત્રી કરવાની ?"**

તમે સમજી લો કે સંઘમાં આવનાર વ્યક્તિ વિશ્વની અબજો વ્યક્તિઓમાં સર્વોત્કૃષ્ટ ભાગ્યશાળી છે. તમે સમજી લો કે સંઘમાં આવનાર વ્યક્તિ અનંતાનંત જીવોમાં મોક્ષમાર્ગની તદ્દન સમીપ આવી ગયેલી કે મોક્ષમાર્ગને પામી ગયેલી વ્યક્તિ છે. તમે સમજી લો કે સંઘમાં આવનાર વ્યક્તિ એ પ્રભુની અપરંપાર કૃપા પામેલી વ્યક્તિ છે.

જો પ્રભુના આપણે ભક્ત હોઈએ તો પ્રભુના કૃપાપાત્ર પ્રત્યે આપણે ગેરવર્તન કરીએ એ કઈ રીતે ચાલે ? જો પ્રભુના આપણે ભક્ત હોઈએ તો આપણો રોલ પ્રભુના ભક્તોના ગુણાકારો કરવાનો હોવો જોઈએ કે ભાગાકારો કરવાનો હોવો જોઈએ ? છાતી પર હાથ રાખીને આપણે આપણને પૂછીએ કે મારું વર્તન પાંચ-પચ્ચીશ જણ ઓછા થાય એવું છે ? નીતિશાસ્ત્રો કહે છે – **વિચિત્ર સ્વભાવનો સેવક એના સ્વામીને એકલો કરી નાંખે છે.**

શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ સ્પષ્ટ કહે છે –

**विवायं कलहं चेव, सव्वहा परिवज्जए ।**
**साहम्मिएहिं सद्धिं तु, जओ एअं विआहिअं ।।**

**जो किर पहणइ साहम्मिअंमि कोवेण दंसणमयम्मि ।**
**आसायणं तु सो कुणइ णिक्किवो लोगबंधूणं ।।**

*સાધર્મિકો સાથે વિવાદ ને કલહ*
*કોઈ પણ રીતે ન જ કરવા જોઈએ*
*કારણ કે કહ્યું છે કે*
*જે સાધર્મિકનો ગુસ્સાથી અભિઘાત કરે, તે નિષ્ઠુર છે.*
*તે હકીકતમાં તીર્થંકર પરમાત્માની આશાતના કરે છે.*

જૈન એને કહેવાય કે જે વિશ્વના કોઈ પણ જીવનું અપમાન ન કરે, જૈન એને કહેવાય કે વિવાદ અને કલહ જેને આવડતા જ ન હોય, જૈન એને કહેવાય કે જે સ્વપ્નમાં પણ કોઈ સાથે તોછડાઈથી વાત ન કરી શકે. જૈન એને કહેવાય કે જેને પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ હિતબુદ્ધિ હોય, શું એ જૈન 'સંઘ' જેવી પરમ પવિત્ર જગ્યા સુધી આવેલી પુણ્યશાલી વ્યક્તિ સાથે બરછટ ને તોછડો વ્યવહાર કરી શકે ?

સંઘ પરનું ખરું આક્રમણ સરકારનું કે વિધર્મીઓનું નથી, ખરું આક્રમણ આ અંદરના અભાગી જીવોનું છે. પુણ્યપાલ રાજાને સપનું આવ્યું છે કે 'સિંહ મરવા પડ્યો છે. સિંહને વળી કોણ મારી શકે ? સિંહની સામે વળી આંખ ઉઠાવીને જોઈ પણ કોણ શકે ? આ સિંહ છે કોણ ?'' ભગવાન જવાબ આપે છે, ''આ સિંહ એટલે જિનશાસન. બહારના તો કોઈ પશુ એનું કશું જ બગાડી શકે તેમ નથી. પણ અંદરના કીડાઓ એને ફોલી ખાઈ રહ્યા છે. એમની સામે આ સિંહ લાચાર છે.

**મને કહેવા દો, કે વિશ્વની સર્વોત્કૃષ્ટ શક્તિ-સ્વરૂપ જિનશાસનને પામ્યા પછી એ શક્તિ આપણો કર્મક્ષય કરે એ પણ શક્ય છે ને આપણે એ શક્તિને હંફાવીએ, થકવીએ ને છે'ક મરવા સુધી મજબૂર કરીએ એ પણ શક્ય છે, બોલો, શું કરવું છે આપણે ?**

બનવું જ હોય તો સંઘના સેવક બનજો. સંઘના કીડા ન બનતા. એનાથી તો અનંતકાળે પણ ફરી સંઘની પ્રાપ્તિ થવી મુશ્કેલ થઈ જશે, તમારી દુકાનના બધા જ ઘરાકોને ધમકાવીને કાઢી મુકશો એનું નુકશાન ઓછું છે. અહીં આવેલી એક પણ વ્યક્તિ સાથે તમે પ્રેમાળ વર્તન ન કર્યું એનું નુકશાન અઢળક છે. અહીં આવેલ વ્યક્તિ સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો એ પણ એક પ્રકારની શાસનપ્રભાવના છે, અહીં આવેલી વ્યક્તિ સાથે બરછટ વ્યવહાર કરવો એ પણ શાસન-અપભ્રાજના છે. શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ કહે છે -

**साहम्मियाण वच्छल्लं कायव्वं भत्तिणिब्भरं ।**
**देसियं सव्वदंसीहिं सासणस्स पभावणं ।।**

*ખૂબ ખૂબ ભક્તિ ભરેલું*
*એવું સાધર્મિક વાત્સલ્ય કરવું જોઈએ.*
*કેવળજ્ઞાની ભગવંતો કહે છે કે*
*એ જિનશાસનની પ્રભાવના છે.*

**तम्हा सव्वपयत्तेण, जो नमुक्कारधारओ ।**
**सावओ सो वि दट्ठव्वो, जहा परमबंधवो ।।**

*માટે જેની પાસે નવકારથી વધુ કશું ન હોય*
*તે શ્રાવકને પણ એવી રીતે જોવો જોઇએ*
*જાણે એ પરમ સ્વજન હોય.*

પરમ સ્વજનની પાછળ આપણે અડધા અડધા થઈ જવા તૈયાર છીએ. પરમ સ્વજનની પાછળ આપણે બધું કુરબાન કરવા તૈયાર છીએ. પરમ સ્વજનનું આપણે બધું જ સહન કરવા તૈયાર છીએ. પરમ સ્વજન જે કરે એ આપણને ગમે છે. પરમ સ્વજન સાથે વાંધો-વચકો-વિવાદ-અહં-મમ-દુર્વ્યવહાર વગેરે કશું આવતું નથી, જ્યારે સાધર્મિક જ પરમ સ્વજન બની ગયા, ત્યારે એમની સાથે આ જ ભૂમિકા નહીં આવી જાય ?

✵

# ☼ શ્રાવક ☼

**શ્રાવક એટલે શું ? જેના માટે 'જૈન' દીકરો બની ગયો અને દીકરો જૈન બની ગયો. એનું નામ શ્રાવક.** 'જૈન' માત્ર દીકરો બની જાય, એટલે પરમ સ્વજન બની જાય, બધાં જ વાંધા-વચકા-અહં વગેરેનો અંત આવી જાય, દીકરો જૈન બની જાય એટલે પુત્રાદિ પરિવારનું પોષણ પણ પુત્રાદિરૂપે નહીં પણ સાધર્મિકરૂપે કરવામાં આવે. સંસારનીતિ-મોહ-આસક્તિ-આ બધાનો અંત આવી જાય, પત્નીમાં પત્ની ન દેખાય સાધર્મિક દેખાય, મા-બાપમાં સાધર્મિક દેખાય, દીકરામાં દીકરો ન દેખાય, સાધર્મિક દેખાય. પંચસૂત્ર કહે છે-

**एवं खु तप्पालणे वि धम्मो**
**जह अन्नपालणे त्ति ।**

*જો તમારામાં આટલી દૃષ્ટિ આવી જાય,*
*ને પરિવારને ધર્મમાં જોડીને તમે એમનું*
*સાધર્મિક તરીકે પાલન કરો તો જેમ બીજાનું પાલન એ ધર્મ છે*
*એમ તેમનું પાલન કરો એ પણ ધર્મ છે.*

વાત આટલી જ છે - 'જૈન' દીકરો બની જાય ને 'દીકરો' જૈન બની જાય, એક બેઝિક શ્રાવક બનવા માટે આથી વધુ કશું જ જરૂરી નથી.

વસ્તુપાળ પાસે આ પરિણતિ હતી, સ્વામિત્વાભિમાન શૂન્ય હતું, માટે જ 'સંઘપતિ' પદ એમને અકળાવી રહ્યું હતું. આખું વાતાવરણ ગંભીર બન્યું છે. એક બાજુ આ પદ માટે એ જ લાયક છે, એવું બધાને લાગે છે, ને બીજી બાજુ વસ્તુપાળની વ્યથા જોઈ ન જાય એવી છે. વસ્તુપાળની અશ્રુધારા અટકતી નથી.

**હું તમને પૂછું છું - સંઘસંવેદનાથી આપણે પલળ્યા ક્યારે ? મારા ભગવાનનો સંઘ આવી મમતા આપણને જાગી ક્યારે ? આપણે કોહિનૂર**

**હીરા સાથે કાંકરા જેવું વર્તન કરી રહ્યા હોઈએ એવું નથી લાગતું ? આપણે લાગણીશૂન્ય-જડ હોઈએ એવું નથી લાગતું ? કેમ 'સંઘ' નામ પડતાની સાથે આપણા બધાં રુંવાડા ઊભા ન થઈ જાય ? કેમ આપણે આટલા બધા શુષ્ક અને ઉદાસીન છીએ ?**

વસ્તુપાલચરિતમાં સ્પષ્ટ કહ્યું છે -

**जिनेन्द्रान्न परो देवः, सुसाधोर्न परो गुरुः ।**
**न सङ्घादपरं क्षेत्रं, पुण्यमस्ति जगत्त्रये ।।**

*ત્રણે લોકમાં જિનેન્દ્રથી મોટા કોઈ દેવ નથી.*
*સુસાધુથી મોટા કોઈ ગુરુ નથી.*
*અને સંઘથી વધારે પવિત્ર કોઈ ક્ષેત્ર પણ નથી.*

દુનિયાની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કંપની હોય, જેમાં કરેલું ઇન્વેસ્ટમેન્ટ અવશ્ય દશગણું થઈને પાછું મળે, એના કરતા પણ વધુ શ્રેષ્ઠ કંપની આપણને સંઘ લાગે તો આપણે સાચા જૈન છીએ. વિશ્વના ટોપ ટેન શ્રીમંતો કરતા પણ આપણને આપણા સંઘના બોટમ ટેન જૈનો V.I.P. લાગે, વિશ્વના બધા જ દેશોના P.M. કરતા પણ આપણો એક ચીંથરેહાલ શ્રાવક વધુ આદરણીય લાગે, આપણા જમાઈ કરતા પણ એક સાધર્મિક વધુ મોંઘેરા મહેમાન લાગે તો આપણે સાચા જૈન છીએ.

**વસ્તુપાલ મંત્રી હતા, મહામંત્રી હતા, ઘણા યુદ્ધો જીત્યા, કરોડો સોનામહોરોના માલિક હતા - માટે એમના ચરિત્રો નથી લખાયા, એ સાચા જૈન હતા માટે એમના ચરિત્રો લખાયા છે. 'સંઘપતિ' આ પદમાં એમને સંઘની આશાતના દેખાય છે. સ્વામિત્વાભિમાનને એમણે કેટલી હદે વીખેરી નાંખ્યું હશે, એની કલ્પના કરો, સંઘ માટે બધું જ કરવાનું, સંઘ માટે પ્રાણોની આહૂતિ આપવા સુધી સજ્જ બનવાનું, સંઘ માટે લાખો ને કરોડો સોનામહોરો પાણીની જેમ વહાવી દેવાની, ને જાણે પોતે કાંઈ કર્યું જ નથી ને સંઘ જ મારો પરમ ઉપકારી છે એમ વર્તવું શું આ સહેલી વાત છે ?**

*

# ※ અહમ્ ※

મળેલા સંઘને તમારા આત્મા માટે સફળ કરવો હોય, તો તમારા સ્વામિત્વાભિમાનને વીખેરી નાંખો. ગૌતમસ્વામી જેવા અંદરથી-બહારથી ભરેલા હતા, તો ય કેટલા વિનીત અને નમ્ર હતા, આપણી પાસે એમના જેવું બાહ્ય ઐશ્વર્ય પણ નથી અને આંતરિક ગુણો પણ નથી. તો ય આપણે અહમ્ છોડી શકતા નથી, શું આ ખિસ્સા ખાલી ને ભપકાભારી જેવી દશા નથી ?

અહમ્ એ આત્મા પર અણુબોમ્બ છે, અહમ્ એ પરલોક પર પરમાણુબોમ્બ છે. અહમ્ એ આરાધના પર એ.કે.૪૭ ના પ્રહારો છે. અહમ્ એ સદ્ગતિનો સત્યાનાશ છે. અહમ્ એ મોક્ષનું મૃત્યુ છે. યાદ આવે અષ્ટાવક્રગીતા-

**यदा नाहं तदा मोक्षो, यदाऽहं बन्धनं तदा ।**

*જ્યારે અહમ્ નથી ત્યારે મોક્ષ છે.*
*જ્યારે અહમ્ છે ત્યારે બંધન છે.*

અહમ્‌ના વિસર્જનમાં આપણને આપણી જાતનું વિસર્જન લાગે છે, પણ હકીકત જુદી છે. અહમ્ જુદો છે, ને આપણી જાત જુદી છે, અહમ્ આપણે નથી, અહમ્ આપણો મિત્ર પણ નથી, અહમ્ આપણો દુશ્મન છે. **અહં પુષ્ટ થાય છે, ત્યારે આપણે કૃશ થઈએ છીએ. અહં વધે છે, ત્યારે આપણે ઘટીએ છીએ, અહંની આંગી થાય છે, ત્યારે આપણને ઉઝરડા પડે છે, અહંની અંજનશલાકા થાય છે ત્યારે આપણી આંખો ફૂટી જાય છે. અહં ગાદીનશીન થાય છે, ત્યારે આપણે પદભ્રષ્ટ થઈએ છીએ, અહંની પ્રતિષ્ઠા થાય છે, ત્યારે આપણું ઉત્થાપન થાય છે. અહં એન્ટર થાય છે ત્યારે આપણી એકઝીટ થઈ જાય છે. અહંને એનો ખોરાક મળે છે, ત્યારે આપણે ભૂખમરો વેઠીએ છીએ. અહં ગટાગટ કરે છે, ત્યારે આપણે તરસ્યા મરીએ છીએ. અહંને ગલગલિયા**

**થતા હોય છે, ત્યારે આપણા મોતિયા મરતા હોય છે. અહં કમાઈ જાય છે, ત્યારે આપણે લૂંટાઈ જઈએ છીએ, અહંનો ગ્રોથ થાય છે, ત્યારે આપણો ડાઉનફોલ થઈ જાય છે, અહં હેલ્ધી થાય છે ત્યારે આપણને કોરોના થઈ જાય છે.**

**અહં રે અહં ! તું જા ને મરી**
**પછી મારામાં બાકી રહે તે હરિ**

મારી દો અહં ને, પછાડી દો અહંને, ઉખાડી દો અહંને, ફગાવી દો અહંને, એ અહં જ છે જે બધી જ રીતે પજવી રહ્યો છે, એ અહં જ છે, જે શાસનના સ્વર્ણિમ સ્વપ્નોને સાકાર થતા રોકી રહ્યો છે. એ અહં જ છે જે બહાર લડવાની તાતી જરૂર છે, ત્યારે અંદર લડાવી રહ્યો છે. એ અહં જ છે જે લવ જેહાદીઓને મોકળું મેદાન આપી રહ્યો છે. એ અહં જ છે જે જોખમમાં પડેલા તીર્થો માટે ફુરસદ આપતો નથી, એ અહં જ છે જેનાથી સંઘના ભાગલા પડે છે, એ અહં જ છે જેનાથી સંસ્થાઓ તૂટી જાય છે, એ અહં જ છે જેનાથી 'આપણાં જ' ફૂટી જાય છે, એ અહં જ છે જે સંઘનું નૂર લૂંટી જાય છે, એ અહં જ છે જે રચનાત્મક કાર્યોને મારી-કૂટી જાય છે.

જિનશાસનનો શત્રુ પણ આ જ છે - અહમ્, સંઘનો શત્રુ પણ આ જ છે - અહમ્, આત્માનો શત્રુ પણ આ જ છે અહમ્.

આમ જોઈએ તો આપણને અનંતીવાર શાસન મળ્યું છે. પણ આપણે શાસનને મળી ન શક્યા. શાસન આપણને મળે એ સંયોગની વાત હોય છે, આપણે શાસનને મળીએ એ સાધનાની વાત હોય છે. સંયોગ કર્માધીન હોય છે, સાધના આત્માધીન હોય છે. તમારા ઘરે કોઈ આવી ગયું, એ તમારે આધીન વાત ન હતી, પણ તમારે એમને મળવું કે નહીં, એ તમારે આધીન વાત હોય છે. તમે તમારી રૂમનો દરવાજો ખોલો જ નહીં, તમે રૂમની બહાર જ ન આવો, તો તમે એમને ન મળો. શાસન તો આપણા ઘરે અનંતી વાર આવ્યું, પણ આપણે એને ન મળ્યા,

આપણે આપણા અહંના રૂમમાં ભરાઈ રહ્યા. એને તો આપણે કઈ રીતે છોડી શકીએ ?

**આપણા ઘરે મહાવીરસ્વામી આવ્યા, આપણા ઘરે ગૌતમસ્વામી આવ્યા, આપણા ઘરે સુધર્માસ્વામી આવ્યા, આપણા ઘરે કેવળજ્ઞાની આવ્યા, આપણા ઘરે ચૌદપૂર્વી આવ્યા, આપણા ઘરે પિસ્તાલીશ આગમના જીવંત જ્ઞાનભંડાર પરમ સંયમી ગુરુ ભગવંત પધાર્યા.. આપણી રાહ જોઈ જોઈને પાછા સિધાવ્યા, આપણે આપણા અહંના ઓરડામાંથી નીકળી ન શક્યા.**

અહં તીર્થંકર... અહં ગણધર... અહં પૂર્વધર.. અહં આગમધર... તદ્દન ખોટી થિયરી પર તદ્દન ખોટા પ્રેક્ટીકલ્સ કરીને આપણે અનંત પુણ્યથી મળેલ અવસરને હારી ગયા. ને આ ભવે પણ કદાચ એ જ ભૂલનું પુનરાવર્તન થઈ રહ્યું છે.

આપણને ડર લાગે છે, જો હું અહંના ઓરડામાંથી નીકળી ગયો તો મારું શું થશે ? આપણે એ નથી સમજી શકતા કે કલ્યાણ સિવાય બીજું કશું જ થવાનું નથી.

વસ્તુપાળ અહંના ઓરડામાંથી નીકળી ગયા છે, 'સંઘપતિ' બિરુદ લેતા એમનું અંતર કકળી ગયું છે, એ સમયે ગુરુ ભગવંત કહે છે - "વસ્તુપાળ ! તમે સંઘપતિ શબ્દનો અર્થ સમજ્યા નથી. માટે આવી મૂંઝવણ થઈ છે. સંઘનો પતિ = સંઘપતિ- આમ તત્પુરુષ સમાસ કરવાથી - સંઘપતિ એટલે સંઘનો સ્વામી-સંઘનો માલિક - એવો અર્થ સમજાય છે. પણ અહીં બહુવ્રીહિ સમાસ કરવાનો છે - સંઘ છે પતિ જેનો તે = સંઘપતિ. એટલે તમે સંઘના માલિક નહીં, સંઘ તમારો માલિક." આ સાંભળીને વસ્તુપાળને આનંદ થઈ ગયો.

✻

# * 99.50 % = Fail *

**કદાચ આપણાથી બહુ ગાથા ન ગોખાઈ શકે, અટ્ઠાઈ ન જ થઈ શકે, વધુ દાન ન દઈ શકીએ, તો હજી કદાચ આપણો મોક્ષ થઈ શકશે, પણ સંઘ પ્રત્યેના અહોભાવની બાબતમાં આપણને ૯૯.૫૦ માર્કસ આવ્યાં હશે તો આપણો મોક્ષ નહીં થાય.**

સંકલ્પ કરો– સંઘના એક પણ સભ્યની નિંદા થઈ જાય કે એમના પ્રત્યે ખરાબ વાણી કે વર્તન થઈ જાય તો બીજા દિવસે આયંબિલ કરવું. એવા એક આયંબિલથી કદાચ લાંબી ઓળીઓ કરતા વધારે લાભ મળશે. કદાચ એ શક્ય ન બને તો બીજા દિવસે દૂધ/ઘી/શાક - કોઈ વસ્તુનો ત્યાગ કરાય.

આપણા બધા જ ધમપછાડા ઉન્નત બનવા માટેના હોય છે, આપણી ખરી જરૂર નમ્ર બનવાની હોય છે. ઉન્નત બનવાનો ખરો રસ્તો પણ નમ્ર બનવું એ જ હોય છે.

ત્રિપદી પછી આવે છે. દ્વાદશાંગી એની પણ પછી આવે છે. સૌ પ્રથમ આવે છે નમો તિત્થસ્સ. ભગવાન કહે છે 'આ શરૂઆત છે.' સંઘ પ્રત્યેનો નમ્રભાવ. એ નથી. તો હજી શરૂઆત પણ નથી થઈ. આના વગરની બધી જ સાધનાઓ ભ્રાન્તિ બને છે. અહંવૃદ્ધિ કરવા દ્વારા જોખમ બને છે.

વસ્તુપાળ ઉપાશ્રયમાંથી નીકળવા જઈ રહ્યા છે. આર્થિક રીતે સાધારણ સ્થિતિવાળા શ્રાવક પ્રભાવના કરી રહ્યા છે. પતાસુ અપાઈ રહ્યું છે. લોકો જઈ રહ્યા છે. વસ્તુપાળને લોકો સમ્માનથી રસ્તો કરી આપે છે. વસ્તુપાળને જોઈને પેલા શ્રાવક શરમાઇ જાય છે.. એ મારી પાસે હાથ ધરશે ? હું એમને પતાસું આપીશ ? ક્યાં એ ને ક્યાં હું ? અડધી જ ક્ષણમાં એ શ્રાવક નિર્ણય લઈ લે છે ને દરવાજાની પાછળ છુપાઈ જાય છે.

વસ્તુપાળ દરવાજાની ફક્ત ચાર પગલા દૂર છે...ત્રણ...બે... એક... શ્રાવકને એમ છે કે એમને કશો ખ્યાલ નથી આવ્યો. એ સીધા આગળ નીકળી જશે... પણ વસ્તુપાળને બધી ખબર છે. એ દરવાજાની લગોલગ આવ્યા. દરવાજા પાછળ સંતાયેલા શ્રાવક પાસે ગયા. હાથ ધર્યો ને કહ્યું, ‘‘મારી પ્રભાવના ?’’

આખા સંઘની આંખોમાં ઝળઝળિયા આવ્યા છે, પેલા શ્રાવક ગળગળા બન્યા છે ને એમની આંખમાંથી રીતસર શ્રાવણ-ભાદરવો વહેવા લાગે છે.

**એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો એ સાધર્મિકવાત્સલ્ય હતું. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, એ સંઘબહુમાન હતું. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, એ - સંઘનો નાનામાં નાનો કહેવાતો માણસ પણ મારાથી મહાન છે - આ સંવેદના હતી, એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો એ એમના રોમે રોમે વસેલી શાસનપરિણતિ હતી. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, એ સ્વામિવાભિમાનની સ્મશાનયાત્રા હતી. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો. એ એક ઉપબૃંહણાનો ઉત્સવ હતો. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, એ એક કાયિક અનુમોદના હતી. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, એ વાત્સલ્યનો વરસાદ હતો, એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો,એ અહંનો અગ્નિસંસ્કાર હતો. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, એ સંઘનો સત્કાર હતો. એ વસ્તુપાળનો ધરેલો હાથ ન હતો, જીવંત જૈનત્વ હતું.**

મહામંત્રી વસ્તુપાળ એક પતાસા માટે હાથ લંબાવે, ને સામેથી માંગણી કરે, આ વાત દુન્યવી ગણિતોથી તો સમજાય એવી નથી. ને આમ જોઈએ તો લોકોત્તર ગણિતથી પણ સમજાય એવી નથી. લોકોત્તર ગણિતમાં ય પતાસાની માંગણીનું તો કોઈ સ્થાન જ નથી, હકીકતમાં વસ્તુપાળની માંગણી પતાસાની ન હતી, સંઘના સભ્યપદની હતી. હકીકતમાં વસ્તુપાળની માંગણી પતાસાની ન હતી, સાધર્મિકવિનયની હતી.

હકીકતમાં વસ્તુપાળની માંગણી પતાસાની ન હતી, પૂર્ણ નમ્રતાની હતી. હકીકતમાં વસ્તુપાળની માંગણી પતાસાની ન હતી, પરમ પદની હતી, જે આના વગર મળવું શક્ય જ ન હતું.

વસ્તુપાળે પોતાના જીવનમાં સવા લાખ જિનપ્રતિમાઓ ભરાવી હતી, કદાચ એ પ્રતિમાઓના નિર્માણ અને પ્રતિષ્ઠાની પળે જે પુણ્ય નહીં ઉપાર્જિત કર્યું હોય, એ આ પતાસાની માંગણીમાં ઉપાર્જિત કર્યું હશે, કારણ કે એના કરતા આ અઘરી વસ્તુ હતી.

વસ્તુપાળે પોતાના જીવનમાં કરોડો સોનામહોરોનું દાન કર્યું હતું, પણ કદાચ એનાથી જે પુણ્ય નહીં મળ્યું હોય, એ આ પતાસાની માંગણીથી મળ્યું હશે, કારણ કે એના કરતા આ દુષ્કર કાર્ય હતું.

બીજા સુકૃતો હજી ય અહમ્ સાથે કરવા શક્ય છે. આ સુકૃત અહમ્ છોડ્યા વિના કરવું એ શક્ય જ નથી. પતાસાની માંગણીનો અર્થ છે દાતૃત્વની અનુમોદના. પતાસાની માંગણીનો અર્થ છે સાધર્મિક પ્રત્યેનું સૌહાર્દ. પતાસાની માંગણીનો અર્થ છે - આપની સંઘભક્તિને ધન્ય છે. પતાસાની માંગણીનો અર્થ છે - મારે પણ નોંધ લીધા વિના ન જ ચાલે એવી તમારી ભક્તિ છે. પતાસાની માંગણીનો અર્થ છે - સંઘની પ્રસાદી દેવોને પણ દુર્લભ છે. પતાસાની માંગણીનો અર્થ છે - આ કોઈ બે-ચાર આનાની તુચ્છ વસ્તુ નથી, આ તો વિશ્વની બધી સંપત્તિથી પણ ન માપી શકાય એવી અમૂલ્ય વસ્તુ છે, કારણ કે એમાં સંઘભક્તિના ભાવો ભળ્યા છે.

**પતાસાની અવગણના એ 'જૈન'ની અવગણના છે. પતાસાની અવગણના એ જૈનત્વની અવગણના છે. પતાસાની અવગણના એ સંઘની અવગણના છે. પતાસાની અવગણના એ મોક્ષમાર્ગની અવગણના છે. પતાસાની અવગણના એ તીર્થંકરની અવગણના છે. જો એક પતાસુ લીધા વગર મોટાઈના કેફમાં નીકળી જવાથી આટલું પાપ લાગતું હોય, તો સંઘના સભ્ય સાથે રફ બિહેવ કરવાથી કેટલું પાપ લાગતું હશે ! એમની સાથે ગમે તેવી ભાષામાં વાત કરવાથી કેટલું પાપ લાગતું હશે ? એમની સામે પડવાથી કેટલું પાપ લાગતું હશે ?**

ઉપાશ્રયની અંદર ને બહાર લોકો ચિત્રવત્ ઊભા છે. બધા સ્તબ્ધ થઈને આ દૃશ્ય જોઈ રહ્યા છે, દુન્યવી દૃષ્ટિએ એક મોટો માણસ એક નાના માણસ પાસે હાથ લંબાવી રહ્યો છે. લોકોત્તરદૃષ્ટિએ પરસ્પર સંઘપૂજા ચાલી રહી છે.

✷

## ✻ વાહ ઉસ્તાદ વાહ ✻

મારું આ સપનું છે - પરસ્પર સંઘપૂજા-એક વ્યક્તિ ભક્તિ ભાવનામાં તબલા વગાડે છે, બીજી વ્યક્તિ એને બિરદાવે છે - વાહ ઉસ્તાદ વાહ. કેમ બધી બાબતમાં આવું ન થાય ? આપણે બિરદાવવાનું મૂકીને બાખડવાનું શરૂ કર્યું ત્યારથી આપણી પડતી શરૂ થઈ છે.

બિરદાવો. અહં છોડીને બિરદાવો. બીજાના નાના પણ સત્કાર્યને બિરદાવો. આપણે સત્કાર્ય કરી શકીએ છીએ. તપમાં શરીર ઘસી શકીએ છીએ, દાનમાં ખિસ્સુ ઘસી શકીએ છીએ. પણ આપણે આપણો અહમ્ ઘસી શકતા નથી. માટે આપણે બીજાને હૃદયથી બિરદાવી શકતા નથી. કોઈનું સત્કાર્ય આપણને આપણા અહમ્ પરનો પ્રહાર લાગે છે, **અનાદિનો આપણો મત્સર રસ નજીકના જીવો પર અભિવ્યક્ત થાય છે. પરિણામે માંસાહારીઓ સાથે આપણને જેટલી તકલીફ નથી તેનાથી વધારે તકલીફ આયંબિલવાળા સાથે છે. હોટલ-લારીવાળા સાથે આપણને જેટલી તકલીફ નથી તેનાથી વધારે તકલીફ વર્ષીતપવાળા સાથે છે. મસ્જિદવાળા સાથે આપણને જેટલી તકલીફ નથી, તેનાથી વધારે તકલીફ દેરાસરવાળા સાથે છે, ડાન્સ-બારવાળા સાથે આપણને જેટલી તકલીફ નથી, તેનાથી વધારે તકલીફ ઉપધાનતપવાળા સાથે છે.**

આ બધી ભાંજગડમાં તે તે વ્યક્તિની સાથે સાથે કેટકેટલી આરાધનાઓની આપણે આશાતના કરી બેસતા હોઈએ છીએ, એનો આપણે કદી વિચાર કર્યો છે ખરો ? સાધર્મિકની - ધર્મની-સંઘની આમાં

શત્રુતા વહોરી લેવાય છે ને આપણો આત્મા કેટલો ખાડામાં ઉતરે છે, આની ચિંતા આપણે કરી છે ખરી ?

આટલી ટેવ પાડવી છે ? 'વાહ ઉસ્તાદ વાહ.' એક નાનો પણ ધર્મ દેખાય એટલે હૃદયથી એની અનુમોદના કર્યા વિના ન રહેવું. યાદ આવે અમૃતવેલી સજ્ઝાય

**થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણ રે,**
**દોષ લવ પણ નિજ દેખતા, નિર્ગુણી આતમા જાણ રે.**

બસ આ બે લાઈનની પરિણતિ મળી જાય તો આખો માહોલ પણ બદલાઈ જાય ને આપણા આત્માનું ભવિષ્ય પણ બદલાઈ જાય.

✺

## ✻ જોઈએ છે મોક્ષ ? ✻

વસ્તુપાળનો હાથ ધરેલો છે. એક બાજુ એ શ્રાવકની અશ્રુધારા વહી રહી છે, બીજી બાજુ આખો સંઘ સજળ નેત્રે જોઈ રહ્યો છે, ત્રીજી બાજુ દિશાઓના કંઠે જાણે ડુમો બાઝ્યો છે.

આપણે બુદ્ધિથી-તર્કથી-દલીલથી તડ ને ફડ-થી ઘણું જીવ્યા. આપણને એનાથી મળ્યું શું ? સિવાય આપણે આપણું ને બીજાનું માથું ખરાબ કર્યું. સ્વ-પરના કષાયોમાં-રાગ-દ્વેષમાં-કર્મબંધમાં નિમિત્ત થયા. શાસનની ઓછી-વત્તી અપભ્રાજના કરીને આપણે ઘોર સંસાર વધાર્યો, અનેકોને ધર્મમાર્ગમાં આવતા આપણે રોક્યા ને જે અનેકો ધર્મમાર્ગે પા પા પગલી ભરતા હતા તેમને પાછા કાઢ્યા, અહમ્ ના આ એક જ દોષે આપણને અનંતવાર પાછા પાડ્યા ને ફરી ફરી અનંત સંસાર રખડાવ્યા.

**આ રીતે માર ખાઈ ખાઈને દુઃખી થવા કરતા ભગવાનની દૃષ્ટિ જ કેમ અપનાવી ન લેવી ? અહમ્ મુકી કેમ ન દેવો ? આપણે ય ભીના થઈએ. બીજા ય લાગણીમાં પલળે... નિર્મળ હૃદય... પ્રસન્ન**

**મન... કર્મોના ભુક્કા... ઉત્તરોત્તર વધુ સુખની પ્રાપ્તિ ને મોક્ષ. Why not ? શું તકલીફ છે આપણને સુખ સાથે ?**

આપણી સ્ટાઈલ વસ્તુપાળથી ઊંધી હોય છે. ‘‘જાઓ જાઓ... તમે કોણ મને પતાસુ આપનારા ? હું તમારી આગળ હાથ ધરું ? તમે મને પતાસું આપશો ? હું ભિખારી છું કે ? ના ભાઈ ના, તમારું પતાસું તમને મુબારક. વધુ જોઈએ તો કહેજો, કોથળો ભરીને મોકલી આપીશ. તમારા પતાસા સાથે તમને ખરીદી લઉં એટલું મારી પાસે છે. મારે તમારા પતાસાની કોઈ જરૂર નથી.’’

છેલ્લા વાક્યનો ભાવાનુવાદ જ્ઞાનીઓ, આ રીતે કરે છે - ‘મારે સંઘની કોઈ જરૂર નથી.’ એટલે ‘મારે મોક્ષની કોઈ જરૂર નથી.’

પતાસું is just an example આપણે આપણને પૂછીએ- આપણે વસ્તુપાળ બન્યા ક્યારે ? આપણને સંઘ-સંવેદના જાગી ક્યારે ?

શ્રાવક અનેરા સ્પંદન સાથે વસ્તુપાળના હાથમાં પતાસું મુકે છે, વસ્તુપાળ પતાસાને માથે લગાવે છે, શ્રાવકને પ્રણામ કરે છે, ને કૃતજ્ઞતાસભર ચાલે વિદાય લે છે. સંઘ સજળ નેત્રે જોઈ રહ્યો છે ને એ સંવેદનાના આંદોલનોને સ્પર્શી રહ્યો છે.

ખરેખર, ખૂબ મજા છે, સ્વામિત્વાભિમાનને ખંખેરી દો, ફાવી જશો.

✺

# ❊ અસ્તિત્વાભિમાન ❊

I am something. આ અસ્તિત્વાભિમાન છે. હું કંઈક છું. મગજની આ રાઈથી અદ્ધર ચાલતો માણસ કાચી સેંકડમાં તડાફડી કરી બેસે છે. વસ્તુપાળનું અસ્તિત્વ શું હતું એનું મરણોત્તર પ્રમાણ પણ બહુ જ અદ્ભુત છે.

એમના મૃત્યુથી વૃદ્ધગચ્છના અધિપતિ પૂ. વર્ધમાનસૂરિજીને એવો

આઘાત લાગ્યો કે જાણે શાસનનો આખો સ્તંભ તૂટી પડ્યો. આમ તો એમને કશું વાપરવું જ અકારું થઈ પડેલું, પણ એમ જીવનનો અંત તો ન લવાય, એટલે એમણે આયંબિલનો ઘોર તપ શરૂ કર્યો. અખંડ આયંબિલ.

હું તમને પૂછું છું, તમારા ગયા પછી તમારા નિકટતમ સ્વજન પણ આયંબિલ કરવાના ખરા ? અરે, આયંબિલની વાત તો દૂર છે, હોટલ પણ છોડવાના ખરા, અરે, ભાવતી એકાદ વસ્તુ પણ છોડવાના ખરા ? આખી જિંદગી જે સ્વજનોને તમે તમારા માનીને ચાલો છો, એમાં તમારા કોણ હોય છે ? આખી જિંદગી જે સંઘને તમે પારકો માનીને ચાલો છો, એ જ હકીકતમાં તમારો સ્વજન હોય છે.

**सर्वे सत्त्वा मिथः सर्व-सम्बन्धान् लब्धपूर्विणः ।**
**साधर्मिकादिसम्बन्ध-लब्धारस्तु मिताः क्वचित् ।।**

આ સંસારમાં એક પણ એવો સંબંધ નથી, જે આપણો સર્વ જીવો સાથે થઈ ન ગયો હોય, બધા સાથે મા-બાપ-પતિ-પત્ની-પુત્ર-મિત્ર વગેરે બધાં જ સંબંધો થઈ ગયા છે. નથી થયો એક સાધર્મિક સાથેનો સંબંધ. એવા પ્રકારના સંબંધો વિરલ જ થયા છે.

સંઘને અવગણીને સ્વજનો પાછળ અડધા અડધા થવાની ચેષ્ટા એ ગંગાને છોડીને ઝાંઝવા પાછળ દોડવાની ચેષ્ટા છે. સ્વજનો એ બળદ છે. એને આખી જિંદગી દોહવાની મથામણ કર્યા પછી ય વધુમાં વધુ લાત મળવાની છે. સંઘ એ કામધેનું ગાય છે. જે સર્વમનોકામના પૂરી કરી શકે છે. સ્વજનમોહ સર્વ અનર્થનું મૂળ છે. સંઘવાત્સલ્ય સર્વ કલ્યાણોનો કંદ છે. આપણે શું કરવું, એ આપણે નક્કી કરવાનું છે.

આખી જિંદગી તમે જેની પાછળ ઘસી કાઢો, એમને તમારી જીવતા ય પડી નથી હોતી, તો તમારા ગયા પછીની તો શું વાત કરવાની ? વિચાર કરો કે વસ્તુપાળનું શું અસ્તિત્વ હશે, કે એક ગચ્છાધિપતિ એમના મૃત્યુ બાદ આજીવનની ભાવનાથી અખંડ આયંબિલ તપ શરૂ કરી દે. એક શ્રાવકપણે આથી વધી હાઈટનું પ્રુફ બીજું કયું હોઈ શકે ?

આપણું અસ્તિત્વાભિમાન એટલે જ ટક્યું છે, કે આપણી પાસે આપણા અસ્તિત્વની તાત્ત્વિક વિચારણા જ નથી.

✺

## ✻ અનેરી અસ્મિતા ✻

પૂ. વર્ધમાનસૂરિજીના આયંબિલ ખૂબ લાંબો સમય ચાલ્યા, ઘડપણ અને ઘોર તપ આ બંનેનું મિલન થયું. સંઘ પારણું કરવા માટે આગ્રહ કરવા લાગ્યો, પણ વસ્તુપાળની સતાવતી સ્મૃતિ... એમને પારણું કરવા માટે સમ્મત થવા દેતી ન હતી. છેવટે સંઘના અત્યંત આગ્રહથી શંખેશ્વર તીર્થે દાદાના દર્શન કર્યા પછી પારણું કરવા પૂજ્યશ્રી સમ્મત થયા.

સંઘ સાથે પૂજ્યશ્રીએ પ્રયાણ કર્યું. પણ રે ભવિતવ્યતા. શંખેશ્વર પહોંચતા પહેલા જ પૂજ્યશ્રી શંખેશ્વરજીના ધ્યાનમાં કાળધર્મ પામ્યા. દેવ થયા. પોતાનો પૂર્વભવ જોયો. વસ્તુપાળ પ્રત્યેનો અહોભાવ ત્યાં પણ જાગૃત થયો.

પરાકાષ્ઠાના અસ્તિત્વ સાથે અસ્તિત્વાભિમાન-શૂન્યતા એટલે વસ્તુપાળ. સહુના હૃદયમાં વસવા સાથે હૃદયમાં સંઘને વસાવનારું અસ્તિત્વ એટલે વસ્તુપાળ. વૈરાગી પૂજ્યોના પણ અનુરાગનું પાત્ર બનનારી અસ્મિતા એટલે વસ્તુપાળ.

✺

## ✻ પાચન ✻

શ્રીમંતાઈ સામાન્યથી માણસનું માથું ખરાબ કરી દે છે. આજના કહેવાતા શ્રીમંતો જેમની તુલનામાં દરિદ્ર કહેવાય એવા વસ્તુપાળ પાસે જે ગુણ પરિણતિ હતી, એ ખરેખર આશ્ચર્યજનક હતી. જેના મૂળમાં હતું સંઘબહુમાન. જો આ ગુણપરિણતિ ન હોત તો બાહ્યદષ્ટિએ શાસનના કાર્યો કરવા છતાં વસ્તુપાળ આ વૈભવ અને પદને પચાવી ન શક્યા હોત.

ખરો સવાલ તમને અમૃત મળ્યું કે ઝેર એનો નથી, ખરો સવાલ એટલો જ છે, કે તમે શું પચાવ્યું ? યાદ આવે પેલી કવિતા

**પચાવી શકો તો અમૃતથી કમ નથી એ પણ**
**અમર થઈ ગયા શંકર જગે હળાહળથી.**

સ્થાનાંગ આગમસૂત્ર કહે છે કે જો ગુણપરિણતિ નથી તો સંયમપર્યાય, શિષ્યપરિવાર અને શ્રુતસંપત્તિ આ બધું હોવા છતાં આત્માને અનર્થકારી બને છે. આર્થિક રીતે આગળ વધવાના આપણા પ્રયાસો હોય છે, આપણને ગમતી આરાધનામાં આગળ વધવાના પણ આપણા પ્રયાસો હોય છે, ગુણપરિણતિ પામવાની તાત્ત્વિક ઈચ્છા પણ આપણને ખરી ?

વૈભવ અને રાજસમ્માનોમાં આળોટતાં એવા પણ વસ્તુપાળના અંતરમાં ગુણપરિણતિનું ઝરણું સતત વહ્યા કરતું હતું. બાહ્ય ભાવોથી એ અલિપ્ત હતા. એમનું મન આંતરભાવોમાં ડુબકી લગાવ્યા કરતું હતું, ને એમની ઈચ્છા એવી હતી કે કદી આંતરભાવોમાંથી એમને બહાર જ ન નીકળવું પડે.

✺

## ⁂ સાધનાની તરસ ⁂

આટલા જાયન્ટ સામ્રાજ્ય, જાયન્ટ વહીવટો અને જાયન્ટ સમૃદ્ધિ વચ્ચે પણ વસ્તુપાળ વારંવાર સ્વાધ્યાયમગ્ન બની જતા, એમણે લખેલા ગ્રંથો આજે પણ માંડલના જિનાલયમાં જોઈ શકાય છે.

વસ્તુપાળના બે પ્રાર્થના-શ્લોકો છે, જે એમની આંતરપરિણતિના પ્રતિબિંબ જેવા છે. કેવું હતું એમનું અસ્તિત્વ ? કેવા મનોરથો હતા એમના ? એમની તમન્ના શું હતી ? અંદરથી એ કેવી ફિલિંગ્સમાં રમતા હતા એ એના પરથી જાણવા મળે છે. મારા બહુ પ્રિય છે આ બે શ્લોક.

**संसारव्यवहारताऽरतमति-र्व्यावर्तकर्तव्यता –**
**वार्तामप्यपहाय चिन्मयतया, त्रैलोक्यमालोकयन् ।**

**श्रीशत्रुञ्जयशैलगह्वरगुहा–मध्ये निबद्धस्थितिः,**
**श्रीनाभेय ! कदा लभेयगलित–ज्ञेयाभिमानं मनः ।**

*દાદા આદેશ્વર !*
*ક્યારે મારો એવો દિવસ આવે*
*કે સંસારના બધા જ વ્યવહારોમાં મન જ ન રહે,*
*પ્રવૃત્તિ-નિવૃત્તિની વાત સુદ્ધા ન રહે,*
*હું પૂર્ણપણે જ્ઞાનમય બની જાઉં.*
*હું ત્રણે લોકને જ્ઞાનરૂપ જોઉં.*
*બસ,*
*શત્રુંજયની એક ગહન ગુફામાં હું બેઠો હોઉં*
*ન મારા મનને બીજું કંઈ જાણવું હોય.*
*ન તો એને કોઈ અભિમાન પણ હોય.*

વસ્તુપાળ સાંસારિક-યુદ્ધના કાર્યોથી માંડીને ધાર્મિક-તીર્થનિર્માણ સુધીના બધા જ કાર્યો કરતા હતા. પણ આ બધાની સાથે સાથે એમની સ્વાધ્યાયની ધારા ચાલુ હતી. એમની સાધનાની ઝંખના ચાલુ હતી. અંદરથી એ સાધક હતા. સર્વવિરતિ માટે તલસતા હતા.

✺

# ✳ સ્વાધ્યાય ✳

સ્વાધ્યાય વિના સંઘના કાર્યો સમ્યક્ રીતે કરી શકાતા નથી, જેની પાસે સ્વાધ્યાય નથી, એ છેવટે થાકી જાય છે. સ્વાધ્યાય એ કાર્યોની ઉર્જા છે. સ્વાધ્યાય એ કાર્યોનું જીવન છે. સ્વાધ્યાય એ કાર્યોનો ડાઈરેક્ટર છે. સ્વાધ્યાય એ કાર્યોનો પ્રોડ્યુસર છે. સ્વાધ્યાય એ કાર્યોનો સહાયક છે.

સ્વાધ્યાય નથી ગમતો, કાર્યો ગમે છે. એનો અર્થ એ છે કે થિયરી નથી ગમતી, પ્રેક્ટીકલ્સ ગમે છે. આપણી પાસે દલીલ પણ છે કે મેઈન તો પ્રેક્ટીકલ્સ જ છે ને ? પણ આપણે ભૂલી જઈએ છીએ કે થિયરી વગર પ્રેક્ટીકલ્સ પોસિબલ જ નથી હોતા.

તમારે સંઘસેવા કરવી છે તો તમે પ્રતિદિન ઠોસ સ્વાધ્યાય કરો. ગીતાર્થ ગુરુ ભગવંતોની વાણી શ્રવણ કે વાંચનરૂપે રોજ  બે કલાક તમને મળતી રહેશે, તો સંઘસેવા કરવાની લાયકાત આવશે ને ટકી રહેશે. સેવા શુદ્ધ થશે. સંઘના ને તમારા આત્માના પક્ષે લાભ થશે.

આટલું કરવાની સાથે સાથે સતત માથે ગુરુ હોવા જોઈએ. બે કલાકના સ્વાધ્યાયથી ગીતાર્થ નથી થઈ જવાતું. જાણે કે અજાણે - અનાદિના દોષોથી કે છદ્મસ્થતાથી થોડું-ઘણું જાણીને પણ આપણે ગોટાળો કરી બેસીએ એવી પૂરી શક્યતા છે. યા એક ગુરુ પ્રત્યે યા જ્યારે જે સમીપમાં સંવિજ્ઞ ગીતાર્થ ગુરુ ભગવંત હોય તેમના પ્રત્યે - પૂર્ણ સમર્પણ રાખી શકશો તો જ તમે સંઘ-સેવા કરી શકશો.

✺

## ⁂ ૫ ગુણો ⁂

સંઘના સેવક બનવા માટે પાંચ ગુણો અત્યંત આવશ્યક છે. (૧) **જ્ઞાન** - વર્ષોની દૈનિક સાધના પછી જે તત્ત્વજ્ઞાનનું ઊંડાણ મળી શકે, તે હોવું જોઈએ. (૨) **વૈરાગ્ય** - નામના વગેરે દુન્યવી પ્રલોભનો પ્રત્યે પૂર્ણ વૈરાગ્યભાવ હોવો જોઈએ. (૩) **અધ્યાત્મ** - આત્મા અંદર ઉતર્યો હોવો જોઈએ. ભીતરથી આધ્યાત્મિક પરિણતિને સ્પર્શ્યો હોવો જોઈએ. (૪) **સમર્પણ** - ગુરુને માથે રાખીને બધું જ એમના માર્ગદર્શન મુજબ કરતા હોવા જોઈએ. (૫) **શાસનરાગ** - તન-મન-વચન-જીવનમાં અવિહડ શાસનરાગ હોવો જોઈએ. જિનશાસનને યથાશક્તિ અનુસરતું જીવન હોય, મનનો કણ કણ જિનશાસનથી રંગાયેલો હોય ને લોહીના કણ કણમાં જિનશાસનનું ગ્રુપ હોય.

વસ્તુપાળમાં આ બધા જ ગુણો હતા- ને માટે જ એ સંઘની સાચી સેવા કરી શક્યા હતા. જેનામાં આ ગુણો નહીં હોય, એ વ્યક્તિગત અપમાનને ગળી નહીં શકે, જેનામાં આ ગુણો નહીં હોય, એ નામ

અને પદની સ્પૃહા છોડી નહીં શકે, જેમનામાં આ ગુણો નહીં હોય એ પોતાના અહં-ને અખંડ રાખવા માટે સંઘને ખંડિત કરી દેશે. જેનામાં આ ગુણો નહીં હોય એ પોતાની કષાયોની ગંદકીથી સંઘની ગરિમાને ખરડી નાંખશે.

✻

## ✻ ગુણપરિણતિ ✻

વસ્તુપાળની ગુણપરિણતિ આ બીજા શ્લોકથી પણ પ્રગટ થાય છે.

**स्वामिन् ! रैवतकाद्रिसुन्दरदरी–कोणप्रणीताऽऽसनः**
**प्रत्याहारमनोहरं मुकुलयन्, कल्लोललोलं मनः ।**
**त्वां चन्द्रांशुमरीचिचन्द्ररुचिरं, साक्षादिवाऽऽलोकयन्,**
**सम्पद्येय कदा चिदात्मकपरा–ऽऽनन्दोर्मिसंवर्मितम् ? ॥**

*સ્વામિન્ !*
*ક્યારે એવો દિવસ આવશે ?*
*કે ગિરનારની સુંદર ગુફાના એક ખૂણે*
*હું પલાંઠી લગાવીને બેઠો હોઈશ.*
*વિષયપ્રવૃત્તિ શૂન્ય હશે*
*ચંચળ મન સાવ જ ડાહ્યું-ડમરું બન્યું હશે.*
*ચન્દ્રકિરણ ને કપૂર જેવા ઉજ્જ્વળ અને સુંદર એવા આપ*
*જાણે સાક્ષાત્ દેખાઈ રહ્યા હશો*
*જ્ઞાનાનંદની મસ્તી મારા મનને સજ્જડ વળગી પડી હશે,*
*ક્યારે આવશે એવો દિવસ !*

ગુણસ્થાનક્રમારોહ - ગ્રંથમાં પણ મંત્રીશ્વરના આ શ્લોકો જોવા મળે છે. શ્લોકના બે અર્થ છે. (૧) છંદોબદ્ધ રચના (૨) યશ. મંત્રીશ્વરના આ શ્લોકો એમની રચના પણ છે અને યશપતાકા પણ છે.

સાધનાની તરસ, સંસારનો વૈરાગ્ય, શાસનનો રાગ, આત્મરસ, અધ્યાત્મપ્રેમ, વૈભવની અનાસક્તિ... વગેરે ગુણો આ શ્લોકોમાં આંખે ઉડીને વળગે છે.

ગુણશૂન્ય અગ્રણીત્વ એ પદનો ને પોતાનો ઉપહાસ છે. મને નથી સમજાતું કે કઈ રીતે પદ માટે ફોર્મ ભરી શકાય ? કઈ રીતે પદ માટે ફાંફા મારી શકાય ? કઈ રીતે ચૂંટણીમાં ઊભા રહી શકાય ? ને કયાં મોઢે ચૂંટણી - પ્રચાર કરી શકાય ? પદની લાલસાવાળા શું સંઘની સેવા કરવાના ? જેમને જિનશાસનની કશી ગતાગમ નથી તેઓ શાસનનું શું ઉકાળવાના ? જેમના અંતરમાં કષાયોના તાંડવ ચાલતા હશે તેઓ શાસન સમર્પણ કઈ રીતે દાખવી શકશે ? જો કે બધા અગ્રણીઓ આવા નથી હોતા. પણ યોગ્યતા ઘણા ઓછામાં હોય છે.

શું કરવું આ પરિસ્થિતિમાં ? અગ્રણીઓ સામે મોરચો માંડવો ? અંદર અંદર લડીને હોમાઈ જવું ? અગ્રણીઓને વણમાગ્યો ઉપદેશ આપવા જવું ? પાકા ઘડે કાંઠા ચડાવવા મથામણ કરવી ?

✳

## ✳ *Plan - 0 to 16* ✳

**મને એવું લાગે છે કે આ રસ્તે સફળતા મળવાની શક્યતા બહુ ઓછી છે. ને નુકશાન થવાની શક્યતા વધારે છે. કરવું શું જોઈએ ? કાચા ઘડા પર મહેનત કરવી જોઈએ જેઓ આવતી કાલના અગ્રણીઓ થવાના તેમના માટે કમર કસીને કામે લાગવું જોઈએ. આપણી પાસે એવી વ્યવસ્થા હોવી જોઈએ જેનાથી નવજાત બાળક સુદ્ધાને અથવા તો જે હજી જન્મ્યો સુદ્ધા નથી તેને પણ અવિહડ શાસનરાગ પમાડવાનું ચાલુ થઈ જાય. તત્ત્વજ્ઞાન, કથા, ઉદાહરણ, ચિત્રો, અભ્યાસક્રમો, પરીક્ષાઓ, પ્રોજેક્ટ્સ, પ્રેક્ટીકલ્સ વગેરે દ્વારા સતત આ પ્રશિક્ષણ ચાલ્યા કરે. આવો ઝીરોથી ૧૬ વર્ષ સુધીનો આખો સિલેબસ હોય, જે આચાર-**

**વિચાર-જ્ઞાન-પરિણતિ, શાસનરાગ-સમર્પણ-બધી રીતે શ્રેષ્ઠ કક્ષાના વ્યક્તિત્વનું નિર્માણ કરે.**

આવતીકાલે એમનામાંથી જ સાધુ-સાધ્વીજીઓ, આચાર્યાદિ પદસ્થો અને ગચ્છાધિપતિઓ થશે, એમનામાંથી જ સંઘો અને સંસ્થાઓના પદાધિકારીઓ થશે, એમનામાંથી જ વિવિધ કાર્યકર્તાઓ થશે, એમનામાંથી જ ભવિષ્યના પરિવારોના વડીલો થશે અને આખા ય સંઘનો દેદાર બદલાઈ જશે.

આપણી ઘણી બધી નિષ્ફળતાઓનું મૂળ એ છે કે આપણી પાસે દીર્ઘદૃષ્ટિપૂર્વકના આયોજનો નથી. લોકો માંદા પડતા રહે, આપણે દવાઓ કરતા રહીએ. બે-પાંચ ટકાને સારું થાય તો થાય, બાકીના મરતા રહે- આપણે આટલી દવાઓ કરી એની જાહેરાતો કરતા આપણે ફરતા રહીએ. પણ આ માંદગી આવે છે ક્યાંથી ? માંદગી આવે જ નહીં એ માટે શું કરવું જોઈએ, એ દિશામાં આપણી દૃષ્ટિ જ જતી નથી.

**૦ થી ૧૬ વર્ષ સુધીના આ સિલેબસ માટે સંઘ max. સમય અને સંપત્તિ ફાળવી દે તો એ યોગદાન જિનશાસનના પ્રત્યેક ક્ષેત્રમાં પહોંચશે, એ યોગદાન જિનશાસનની બધી જ સમસ્યાઓને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેશે. એ યોગદાનથી સંઘની દીકરીઓ સંઘમાં જ રહેશે, એ યોગદાનથી સંઘના દીકરાઓ સંઘના દીકરાઓ જ રહેશે, એ યોગદાનથી પાંચમા આરામાં ચોથો આરો અવતરશે, એ યોગદાનથી ભરતમાં મહાવિદેહ સમવસરશે, એ યોગદાનનું વાવેતર જ્યારે ઉગી નીકળશે, ત્યારે સર્જાયેલું દૃશ્ય જોઈને આપણી આંખોમાં આનંદના આંસુ આવશે.**

✻

## ✻ *Real Need* ✻

સંઘની વ્યક્તિગત કે સમષ્ટિગત - બધી જ સમસ્યાઓનું સમાધાન 'વસ્તુપાળ' છે. બસ, વસ્તુપાળ ઊભા કરો, બીજું બધું જ વસ્તુપાળ

જોઈ લેશે. આપણે બીજું બધું ઊભું કરીએ છીએ, પછી વસ્તુપાળને ગોતવા નીકળીએ છીએ, પણ વસ્તુપાળ શોધ્યા જડતા નથી, કારણ કે આપણે વસ્તુપાળને ઊભા કર્યા નથી. પછી ઊભું કરેલું બધું જ અસ્ત વ્યસ્ત થઈ જાય છે. યા ખોટકાવા લાગે છે ને યા ધડામ્ દઈને પડે છે. એ ચાલતું પણ હોય તો ય એના નાયક વસ્તુપાળ ન હોવાથી બીજું કંઈક ચાલતું હોય છે.

ઓ વસ્તુપાળ ! આજે તમારો દુકાળ છે. તમે આવો, એક દિવસ પૂરતા આવો, અમને તમારી શાસનદાઝ આપી જાઓ, અમને તમારી પરિણતિ આપી જાઓ, અમને તમારા જેવું ગુરુ સમર્પણ આપી જાઓ, અમને તમારા જેવી નિઃસ્પૃહતા આપી જાઓ, અમને તમારા જેવું જૈનત્વ આપી જાઓ. અમારી પાસે અસ્તિત્વ નથી, અસ્તિત્વાભિમાન છે, અમને તમારું અસ્તિત્વ આપી જાઓ

પૂ. વર્ધમાનસૂરિજી દેવ થયા. વસ્તુપાળ પ્રત્યેના અહોભાવથી તે કઈ ગતિમાં ગયા છે તે જાણવાનો પ્રયાસ કર્યો, પણ તેમના જ્ઞાનથી તે જાણી ન શકાયું, માટે તેમણે સીમંધરસ્વામી ભગવાન પાસે જઈને પૂછ્યું, પ્રભુએ કહ્યું,

**अत्रैव पुष्कलावत्यां, विजयायामजायत ।**
**नगर्यां पुण्डरीकिण्यां, पुण्डरीक इव श्रियः ।।**

**कुरुचन्द्राभिधो राजा, राजन्यावलिवन्दितः ।**
**सम्यग्दृष्टिशिरोरत्नं, सत्कीर्तिसुरभिस्थितिः ।।**

*આ જ પુષ્કલાવતી વિજયમાં*
*પુંડરીકિણી નગરીમાં જાણે લક્ષ્મીનું નિવાસ હોય એવા*
*એ વસ્તુપાળ કુરુચન્દ્ર નામના રાજા થયા છે*
*જેમને રાજાઓની શ્રેણિ વંદન કરે છે.*
*એ સમકિતીઓમાં શિરોમણિ છે - કીર્તિથી મઘમઘાયમાન છે.*

છેલ્લે સંયમ લઈને એ રાજા સર્વોત્કૃષ્ટ-અનુત્તર દેવલોકમાં 'વિજય'

વિમાનમાં મહર્દ્ધિક દેવ થશે. ત્યાંથી ચ્યવી ફરી રાજા બનશે, સંયમ લેશે ને મોક્ષે જશે.

વાત 'અસ્તિત્વ'ની છે. શાંત ચિત્તે વિચાર કરો, કેવું હશે વસ્તુપાળનું અસ્તિત્વ ! કેવો પરલોક ! કેવું ભવિષ્ય ! ખુદ સીમન્ધરસ્વામી પ્રશંસા કરે એવી ભૂમિકા ! અનંત ભવચક્રનું ચપટીમાં પૂર્ણવિરામ લાવી દેતું પરિણામ ! કેવું અસ્તિત્વ ! કેવું હશે એમનું મન ! કેવી હશે એમની વિચારધારા ! કેવું હશે એમનું હૃદય ! કેવી હશે એમની વિશુદ્ધિ !

**એક ઐરાવત હાથી નિરભિમાની હોય ને એક ભૂંડ અભિમાનથી ફાટ ફાટ થતું હોય, એ કેવું લાગે ? વસ્તુપાલ અને આપણી સાથે આવું જ કંઈક બન્યું હોય એવું નથી લાગતું ? આપણી ભીતર કેટલા દોષોની વિષ્ટા છે, કેટલી વિચિત્રતાઓના ઉકરડા છે, કેટલી હલકાઈઓના હાડકા છે. કેટલી અતિચારો ને અનાચારોની દુર્ગંધ છે, એ શું આપણે નથી જાણતા ? છતાં આપણને આપણા અસ્તિત્વનું અભિમાન હોય ? ભૂંડ જુગુપ્સનીય તો હોય જ છે. પણ જો એ પોતાને મળેલી વિષ્ટા અને ઉકરડાનું અભિમાન કરે, તો એ વધુ જુગુપ્સનીય બને છે. આપણે ભૂંડા તો છીએ જ, પણ આપણે અસ્તિત્વાભિમાન કરીએ એટલે આપણે વધારે ભૂંડા થઈએ છીએ.**

સીમંધરસ્વામી ભગવાનને બીજો પ્રશ્ન કરાયો, ''શ્રાદ્ધવર્યા અનુપમાદેવીની કઈ ગતિ થઈ છે ?'' પ્રભુએ કહ્યું, ''એ અહીં જ શ્રેષ્ઠીપુત્રી થયા. આઠ વર્ષે અમારી પાસે દીક્ષા લીધી, ઘાતી કર્મનો ક્ષય કર્યો ને અત્યારે અહીં કેવલીપર્ષદામાં બિરાજમાન છે.''

અનુપમાદેવીનું દેવ-ગુરુ બહુમાન... આબુ-દેલવાડાના બેનમુન જિનાલયો બનાવવામાં એમણે રેડી દીધેલી જાન... મોંઘીદાટ સાડીના પાલવથી મહાત્માનું શીરાવાળું થયેલું પાત્રું લૂંછવાની એમની સહજ ભક્તિ... યાદ આવે યોગદષ્ટિ સમુચ્ચય -

**गुरुभक्तिप्रभावेन तीर्थकृद्दर्शनं मतम् ।**
**समापत्त्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ।।**

*ગુરુભક્તિપ્રભાવે સાક્ષાત્ તીર્થંકરનું દર્શન થાય છે,*
*તીર્થંકરના ગુણોની પ્રાપ્તિ થાય છે*
*અને અવશ્ય મોક્ષ મળે છે.*

સીમંધરસ્વામી ભગવાનને ત્રીજો પ્રશ્ન કરાયો. ‘‘તેજપાલ કઈ ગતિમાં જશે ?’’ પ્રભુએ જવાબ આપ્યો. ‘‘એ પહેલા દેવલોકમાં સમકિતી દેવ થશે. ઈન્દ્ર જેવી એમની ઋદ્ધિ હશે ને ક્રમશઃ ચોથા ભવે એમનો પણ મોક્ષ થશે.’’

**આપણે ઠરી જઈએ એવી વાત છે. જાતને પૂછીએ – આમાં આપણે ક્યાં ? શાંતિથી આ મહાપુરૂષોનું નિરીક્ષણ કરીએ અને શાંતિથી આત્મનિરીક્ષણ કરીએ, એટલે આપણું બધું જ અસ્તિત્વાભિમાન ઓગળી જશે. અહંનું એ અંતિમ મૃત્યુ હશે. જેના પછી એનો પુનર્જન્મ નહીં હોય. એને બૌદ્ધદર્શનનો મોક્ષ કહી શકાય. જેમાં ક્ષણસન્તતિનો અંતિમ ક્ષણ નષ્ટ થાય છે ને પછી ઉત્પત્તિ થતી નથી. એના પછી આપણો જૈન દર્શનનો મોક્ષ થઈ શકશે. અહં – નો નિરન્વય નાશ–આપણા શુદ્ધ આત્મસ્વરૂપનો ઉત્પાદ બનશે.**

જ્યાં સુધી અહં છે, ત્યાં સુધી આપણા આત્માની ય અવનતિ છે, ને અહં સાથે સંઘનું જે કામ કરવા જઈએ તે કામની ય અવનતિ છે. નવા પંથો મોક્ષમાર્ગ નથી તેનું મહત્ત્વનું કારણ એ છે કે તેઓ ઓછા–વત્તા અંશે સંઘવિરુદ્ધ છે. જો આજના નવા ગ્રુપ, મંડળ, પરિવાર વગેરે પણ સંઘવિરુદ્ધ થઈ જાય, તો એ પણ મોક્ષમાર્ગ નથી.

✺

# ☼ ગ્રુપ્સ ☼

ગ્રુપ્સ જો સંઘ-અંતર્ગત હોય, સંઘની શક્તિ વધારનારા હોય, સંઘભાવનાને પુષ્ટ કરનાર હોય અને નવા આત્માઓને સંઘ સાથે જોડવામાં જો સેતુનું કાર્ય કરતા હોય તો તેવા ગ્રુપ્સ પ્રશંસનીય છે.

ગ્રુપ્સ જો સંઘની સામે ઊભા થતા હોય, સંઘની શક્તિને તોડનારા હોય ને સંઘથી જોડાયેલાને છૂટ્ટા કરનારા હોય તો તેવા ગ્રુપ્સને જૈન ગ્રુપ્સ ન કહેવાય, અનુમોદનીય પણ ન કહેવાય, બલ્કે જૈનત્વવિરોધી અને શોચનીય કહેવાય.

**આપણી અને સંઘની વચ્ચે જે આવી જાય છે, એ આપણું ઝેર છે. ક્યારેક 'નામ' ઝેર બને છે, ક્યારેક 'પૈસો' ઝેર બને છે. ક્યારેક 'પોસ્ટ' ઝેર બને છે. ક્યારેક 'ઈગો' ઝેર બને છે.**

એક વિચાર એવો આવે, કે કેમ એવું ન થાય કે એવું ગ્રુપ વગરનું ગ્રુપ હોય, જે સીધું સંઘ સાથે જ જોડાય ? જેનું ન કોઈ નામ હોય, જેમાં ન કોઈ પદ હોય, જેનું કોઈ એકાઉન્ટ ન હોય, સંઘના દરેકે દરેક પ્રસંગને ઘરનો પ્રસંગ માનીને તેઓ તેને દીપાવે. કદાચ આ ગ્રુપને જ તો ભગવાન 'સંઘ' કહે છે. ભગવાને આની જ તો સ્થાપના કરી છે.

**જુદું નામ એકાન્તે ખોટું નથી જ. ડિપેન્ડ, કે એ પુલ બને છે ? કે દીવાલ બને છે ? જો 'નામ જુદું એટલે અમે જુદા. સંઘથી ય જુદા ને બીજા ગ્રુપ્સથી ય જુદા.' આવો ભાવ આવતો હોય, ત્યાં જુદું નામ ખોટું ઠરે છે.**

એ નામ વગરનું ગ્રુપ (સંઘ) બીજી - પ્રસંગ વગરની પણ સેવા-પ્રવૃત્તિ કરી શકે, ધારો કે એમાં પૈસાની જરૂર પણ પડે, તો ય આ ગ્રુપને દાનના પૈસાને અડવાની ય બાધા હોય. ધારો કે આ ગ્રુપ કોઈ પરીક્ષા લે ને તેના ઈનામો આપવાના હોય, તો તેના દાતાઓ જ કવર લઈ આવે ને વિજેતાઓને ઈનામો આપી દે. ધારો કે ઈનામ તરીકે વસ્તુઓ

આપવાની છે તો દાતાઓ જ તે સ્ટોરવાળાને વસ્તુઓનું મૂલ્ય આપી દે. ગ્રુપના નામે એક પણ રૂપિયાનો પરિગ્રહ એક ક્ષણ માટે પણ નહીં.

અને આ ગ્રુપમાં કોઈ પોસ્ટ નહીં. પોતાના સંઘમાં જે ગુરુભગવંતો આવે તેમના અને સંઘના જે પ્રમુખાદિ હોય તેમના નિર્દેશ-અનુસાર આ ગ્રુપ કામ કર્યા કરે.

મને ખબર છે - અહં-નામ-પૈસા-પોસ્ટના કારણે ય પ્રવૃત્તિનો ઉલ્લાસ જાગતો હોય છે. આ રીતે ગ્રુપ્સ બનતા હોય છે ને ચાલતા હોય છે. પણ ગ્રુપ તૂટવાના કારણો પણ આ બધા જ હોય છે. સંઘ સાથે સંઘર્ષ થવાના કારણો પણ આ બધા જ હોય છે. ને ગ્રુપ ચાલતું હોય ત્યારે પણ સંક્લેશો થવાના કારણો માનસિક કલુષિતતા થવાના કારણો આ જ હોય છે.

સીધું સંઘ સાથે જોડાણ, લાગણીભરી સંઘભાવના, અહંશૂન્ય હૃદય, નિઃસ્વાર્થ સેવા, સમર્પણભરી સેવા... કેમ નહીં ?

**બધું જ અભિમાન કાઢો. હૃદયને સંઘસંવેદનાથી ભરી દો. 'વસ્તુપાળ' બનો. નખશિખ વસ્તુપાળ. જિનશાસનનું હાર્દ આ જ છે. સંઘનો અભ્યુદય પણ આ જ છે અને આત્માનું કલ્યાણ પણ આ જ છે. હૃદયમાં સંઘ નથી, તો કશું નથી અને સંઘ છે તો બધું જ છે.**

✺

## ✺ સંઘ સંવેદના - સંકલ્પ ✺

સંઘ એ જીવંત મહાવીરસ્વામી છે.
સંઘ એ સાક્ષાત્ સીમંધરસ્વામી છે.
સંઘની યથાશક્તિ આરાધના થાય
ને કદી પણ સંઘની આશાતના ન થાય.
માટે હું આ સંકલ્પ કરું છું.

(૧) દિવસની Min. ૧૦ મિનિટ સંઘની કોઈ પણ પ્રકારે સેવા માટે ફાળવીશ.

(૨) અઠવાડિયે એક દિવસ Min. ૩૦ મિનિટ સંઘસેવા માટે ફાળવીશ.

(૩) કશું જ કામ નહીં હોય તો છેવટે સંઘ પરિસરમાં કાજો લઈશ.

(૪) સંઘમાં થતાં દરેક પ્રસંગને મારા ઘરનો પ્રસંગ સમજીને ઉજવીશ.

(૫) સંઘનો કઈ રીતે અભ્યુદય થાય એની હું ચિંતા કરીશ.

(૬) સંઘના અભ્યુદય માટે હું તન-મન-ધન-સમયનો યથાશક્તિ ફાળો જરૂર આપીશ.

(૭) સંઘની કોઈ પણ તકલીફમાં હું અડધી રાતે ય જઈને ઊભો રહીશ.

(૮) કોઈ પણ ખટરાગમાં હું અહં-ને વચ્ચે નહીં લાવું.

(૯) કોઈ પણ નામ-પદ-પ્રશંસાદિની સ્પૃહા વિના હું સેવા કરીશ.

(૧૦) હું એક 'ગુરુ' ને માથે રાખી એમના માર્ગદર્શન મુજબ આરાધના કરીશ.

(૧૧) સંઘના દરેક સભ્યને હું આદરથી જોઈશ અને તેમની સાથે મધુર વ્યવહાર કરીશ.

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય
તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સંવત્સરી, વિ. ૨૦૭૬,
શ્રી આંબાવાડી જૈન સંઘ,
અમદાવાદ

✳

*આ બુકના અનુસંધાન માટે વાંચો - મિશન જિનશાસન*

# શ્રી સંઘપૂજન

-શીલમ્

શું થયું ?

કંઈ નહીં...

ઉદાસ લાગે છે

હ....

ઉદાસીનતાનું કારણ ?

........

કોઈએ કટુ શબ્દ કહ્યાં છે ?

ના..

કોઈએ અપમાન કર્યું છે ?

ના......

સ્વાસ્થ્ય સારું નથી ?

ના.....

તો.... તો... શું કારણ છે ઉદાસીનું ?

૫×૫ની નાનકડી રૂમમાં રહેતા ધર્મેશભાઈ પોતાની ધર્મપત્નીને ઉદાસીનું કારણ પૂછી રહ્યાં હતાં.. કંઈ જ સ્પષ્ટ ઉત્તર ન મળતાં એ વધુ ને વધુ સચિંત બની રહ્યા હતા. એ સચિંતવસ્થાને જોઈ ધર્મપત્નીનું હૃદય દ્રવી ઊઠ્યું.

શબ્દો કરતાં પણ ભાવોની-સંવેદનાની અસર વધુ પ્રગાઢ થતી હોય છે. ભાવોથી ભીંજાતા હૃદયે વાતનો દોર આગળ વધારતાં કહ્યું.

આવતી કાલે આપણાં શ્રીસંઘમાં સામુદાયિક એકાસણા કરાવે છે.

તારે પણ કરવું છે ?

હા....

તો કરી લે ને..

પણ...

પણ શું....?

પણ શું....નો ઉત્તર આપતાં પૂર્વે એ ધર્મપત્નીની આંખોમાં અશ્રુનો સાગર છલકાઈ પડ્યો. અશ્રુના એક એક બુંદ સાથે વ્યથા વહી રહી હતી. નિઃશબ્દ એ વ્યથાથી સમગ્ર વાતાવરણ પણ શબ્દવિહીન બની ચૂક્યું હતું

પત્નીના અશ્રુપાતને જોઈ પતિ ધર્મેશભાઈનું હૃદય પણ દ્રવી ઊઠ્યું.

જે આર્યસન્નારીએ પોતાનું જીવન સર્વસ્વ અને સમર્પણ કર્યું માત્ર મારા ખાતર સર્વસુખોનું બલિદાન કર્યું. સતત મારા સુખની ચિંતા કરી. મેં શું કર્યું એનું? મેં શું આપ્યું એને...??

આભૂષણ કે આવાસનું સુખ તો ન જ આપી શક્યો પણ ભોજન અને વસ્ત્રનું સુખ પણ ન આપી શક્યો. આજ સુધી મેં જો આપ્યું હોય તો માત્ર દુઃખ જ દુઃખ...

ધર્મપત્ની રમીલાબહેનની વિચારણાથી ધર્મેશભાઈનું કઠોર હૃદય પણ ભાંગી પડ્યું હતું.

રમીલાબહેનને આજ સુધી ક્યારેય ન કોઈ ફરિયાદ કરી હતી કે ન કોઈ માંગણી પણ કરી હતી....

સાચા સ્નેહનું આદાન-પ્રદાન થતું હોય ત્યાં અન્ય કોઈ વસ્તુની અપેક્ષા કે ઈચ્છાઓ થતી જ નથી.

નિઃસ્વાર્થ સ્નેહથી સંબદ્ધ હતા બંને. પોતાના દુઃખથી નહીં પણ એકબીજાના દુઃખથી દુઃખિત હતાં. બંને.

ધર્મેશભાઈ મનોમન પોતાની જાતને ઠપકો આપી રહ્યાં હતાં. મેં શું આપ્યું એને ? માત્ર દુઃખ જ... અન્યથા પણ શું ?નો ઉત્તર આપતાં અશ્રુપાત વાત જ નહીં.

સ્વયંની સાથે વાત કરતાં સ્વભાગ્યને પણ દોષ આપી રહ્યાં હતાં. કારણ કે અત્યાર સુધીની પ્રત્યેક પરિસ્થિતિમાં ભાગ્યએ પણ ક્યાં સાથ આપ્યો હતો...?

લગ્ન થયા ત્યારે ઉજ્જૈનીની પાસે આવેલ નાનકડા ગામડામાં રહેતા. ખેતીવાડીનો વ્યાપાર ચાલતો.. અચાનક

ભાગ્યનું પરિવર્તન... ગામ છોડ્યું.. ઘર છોડ્યું... સાથે જ પરિવાર પણ છોડ્યો...

સંન્યાસીની જેમ બધું જ છોડી ખાલી હાથે પતિ-પત્ની બંને મક્ષીજી આવ્યા. પણ કહેવાય ને કે પુણ્યાધીન સર્વાધીનમાં જો ભાગ્ય-પુણ્ય તમને અધીન છે તો બધું જ અધીન છે અને જો ભાગ્ય અધીન નથી તો કંઈ જ અધીન નથી.

ભાગ્ય અધીન ન હોવાથી ધર્મેશભાઈએ કોઈ વિશેષ કાર્ય ન મળ્યું. છેવટે સાઈકલ રિપેરિંગનું કાર્ય ચાલુ કર્યું. કોઈ દુકાન કે સારી જગ્યા ન મળતાં રસ્તા પર બેસી જતી-આવતી સાઈકલને રિપેર કરતાં... માંડ બે કે ચાર રૂપિયા મળતા ને કોક દિવસ તો કંઈ ન મળે એવું પણ બનતું.

એ સમયે રમીલાબહેન આજુબાજુના ઘરે વાસણ ધોવા જતાં.. વાસણો સાફ કરતાં કરતાં ક્યારેક એઠવાડમાં રહેલો એકાદ રોટલીનો ટુકડો દેખાતો ને એ ટુકડાને જોતા જ એમનું મન ભરાઈ જતું.

શું કરું ? આને જ મોઢામાં મૂકી દઉં ? આને જ પેટમાં પધરાવી દઉં ?

ખબર છે કે આ મારી માલિકીનું અન્ન નથી.. આ મને કોઈએ આપેલું પણ નથી.. એવું સ્વાદિષ્ટ પણ નથી કે મન લલચાઈ જાય ને એવી સહિષ્ણુતા પણ નથી કે ભૂખના દુઃખને શમાવવા ખાવાનું મન થાય તો... ?

તો શા માટે એ ટુકડાને જોઈને મન ભરાઈ જતું હશે? શા માટે એ એઠવાડને મોઢામાં મૂકવાનું મન થતું હશે ? એક ખાનદાન ઘરની કુળવાન સ્ત્રીને શા માટે આવું અકાર્ય કરવાની ઈચ્છા થતી હશે ?

કારણ હતું એક માત્ર નાનકડું સંતાન... દોઢેક મહિનાનું નાનું બાળક.... થોડીક થોડીક વારે રડતું.. ભૂખથી પીડિત થતું... માતાના દુગ્ધપાનની એને આવશ્યકતા જ નહીં અત્યાવશ્યકતા હતી...

બસ એ બાળકને દુગ્ધપાન કરાવવા માટે જ એઠવાડને રોટલીનો ટુકડો શાક વિના જ મુખમાં મૂકી દેવો પડતો હતો..

માત્ર પોતાના બાળસંતાનની લાચારી હતી.. આંખે આ કાર્ય કરવા મજબૂર બનાવતી.. મોઢામાં મૂકેલો એ ટુકડો અદત્તાદાનના અપરાધભાવથી ડૂસકાં સાથે માંડ માંડ નીચે ઉતરી જતો.

સદ્‌ગુણની પરાકાષ્ઠા એ હદે હતી કે આવી સ્થિતિમાં પણ ક્યારેય કોઈની સે હાથ નથી લંબાવ્યો કે સામેથી ક્યારેય ભોજન નથી માંગ્યું.. અરે પતિની સામે સિંગલ ફરિયાદ પણ નથી કરી. એટલું જ નહીં પોતાની દારૂણ સ્થિતિની પતિને ગંધ સુધ્ધાં ય આવવા નથી દીધી.

સંપત્તિ સુવિધા કે સહાયતાનું પુણ્ય એમની પાસે ન હતું. પણ સદ્‌ગુણ અને સમજણનું પુણ્ય પ્રકૃષ્ટ તું..

શુભ કર્મોદય અતિ અલ્પ હતો પણ કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત સદ્ગુણને સમજણનો વૈભવ તો રમીલાબહેન પાસે હતો જ..

ભલે કદાચ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ ન થઈ પણ પાપાનુબંધી પુણ્યની પ્રાપ્તિ તો નથી જ થઈ એની એમને સંતુષ્ટિ હતી..

એમની સંતુષ્ટિની ગજબતાનું એક હજુ દૃષ્ટાંત.. બાળકના પોષણ માટે બહુ જ જરૂર લાગે તો થોડાક મમરા કે પૌંઆ પલાળીને મૂકતા અને ખાઈ લેતાં. મમરાના અવાજથી કદાચ પતિને વાતની જાણ થઈ જાય ને એ મારા દુઃખથી પીડા પામે એવું તો કેમ ચાલે ? આ વિરલ ભાવનાથી જ મમરા વિગેરે પલાળી દેતાં.. અવાજ જ ન થાય તો દુઃખ ક્યાંથી ? ન રહેગા બાંસ, ન બજે બાંસુરી..

આર્યદેશની પતિવ્રતા સ્ત્રીના ગણિત આવા હોય છે, જેની સામે વૈદિક કે અંકગણિત પણ સાવ વામણા પુરવાર થાય..

ત્રણ વ્યક્તિનો નાનકડો પરિવાર. પારસ્પરિક સ્નેહની હૂંફથી દિવસો પસાર કરી રહ્યો હતો. એવામાં ચાતુર્માસના મંડાણ થયા..મક્ષીતીર્થમાં પૂજ્ય સાધ્વીજી ભગવંતની પાવન પધરામણી થઈ... પ્રવચન સાથે સાથે જ્ઞાન-દર્શન-ચારિત્રની સામૂહિક આરાધનાનો પણ પ્રારંભ થયો...

રમીલાબહેન પણ જિનવાણી શ્રવણ કરવા જતાં. ખાવાના ને જીવવાના પણ સાંસા હોય તેવી સ્થિમાં જિનવાણી શ્રવણ કરવું ગમે ? કે ધર્મની રુચિ થાય ખરી ?

હા હળુકર્મી આત્માઓને અવશ્ય ગમે.. આ જ તો ભેદરેખા છે. ભારેકર્મી અને અલ્પકર્મી જીવોની...

ભારેકર્મી આત્મા હોય તે વિવેકજ્ઞાનના અભાવે આવી પરિસ્થિતિમાં કાં તો સુસાઈડ કરે કાં તો પિયર જતા રહે ને કાં તો સાસરે રહીને પણ કોઈને ચેનથી જીવવા ન દે

જ્યારે હળુકર્મી પરિસ્થિતિનો વિચાર કરી ધર્મને વળગીને જ રહે..

રમીલાબહેન પણ પ્રતિદિન પ્રવચન શ્રવણ કરતાં...

એક દિવસ પ્રવચનમાં સાધ્વીજી ભગવંતે સામૂહિક એકાશણાની પ્રેરણા કરી.. એમાં વળી શ્રીસંઘે વિશેષ સૂચન કર્યું કે આ એકાસન માટે સહુએ પોતપોતાના ઘરેથી ટિફિન લઈ આવવું. બધાનું ટિફિન મિક્સ કરી સહુને પિરસવામાં આવશે.

પરસ્પર સાધર્મિક ભક્તિનો લાભ મળે અને આસક્તિ ઘટે તે હેતુથી આવું આયોજન કર્યું હતું. આ સાથે જ વિશેષ રીતે સંઘપૂજાનું આયોજન પણ હતું. જેનું રહસ્ય આગળ જણાશે.

રમીલાબહેનને પણ એકાસણું કરવાની ભાવના જાગી. ધર્મ પ્રત્યેનો પક્ષપાત હોય ત્યાં ભાવો સ્વયં પ્રગટી જ જાય...

સમ્યક્ત્વી જીવના લક્ષણ દર્શાવતાં પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા યોગશતક ગ્રંથમાં દર્શાવે છે. સુસ્સુસ્સ ધમ્મરાઓ સમ્યક્ત્વી જીવ ધર્મ સાંભળવાની તીવ્ર ઈચ્છાવાળો હોય... ધર્મના તીવ્ર પક્ષપાતવાળો હોય.

ધર્મરાગના કારણે ઘરે જતાં મનોમન નિર્ણય કર્યો કે હું આવતી કાલે એકાસણું કરીશ. પણ ઘરમાં પ્રવેશતાં જ એમનું મન ઢીલું થઈ ગયું.. એ ઉદાસ બની ગયા. એ જ ઉદાસીનતાનું કારણ ધર્મેશભાઈ પૂછી રહ્યાં હતાં. ઉત્તરના એ વર્તમાનમાં ઘણો બધો ભૂતકાળ પસાર થઈ ગયો..

પુનઃ વર્તમાનમાં આવી ધર્મેશભાઈએ પૂછ્યુ: એકાસણું કરવું છે તો કરી લે ને. એમાં ઉદાસી શા માટે ?

બધા ઘરેથી ટિફિન લઈને આવશે તો હું શું કરીશ ? કંઈક સ્વસ્થ થતાં રમીલાબેન બોલ્યાં.

આપણાં ઘરે ટિફિન તો નહીં હોય ને ?

ના....

સિંપલ ડબ્બો ?

ના....

નાનકડી ડબ્બી..?

એ પણ નથી અને કંઈ લીધા વિના જાઉં એ તો કેમ ચાલે ?

ના ના એ તો ન જ ચાલે ને. મક્કમ સ્વરે ધર્મેશભાઈ બોલી રહ્યાં હતાં... શ્રીસંઘનું ભોજન આ રીતે કરવું એ બિલકુલ અયોગ્ય છે.

પતિના દૃઢવચનો સાંભળી રમીલાબહેને કહ્યુઃ બસ, આ જ વાતનું મને દુઃખ છે. આ જ કારણ છે મારી ઉદાસીનું.. મારા અશ્રુનું...

કોઈપણ રીતે અત્યારે ટિફિનની વ્યવસ્થા થઈ શકે એવું લાગતું ન હોવાથી છેવટે ધર્મેશભાઈએ કહ્યુ: પ્રભુ પ્રતિ શ્રદ્ધા રાખ... ભગવાન આપણને કંઈક નવો માર્ગ બતાવશે.

ઉદાર અને દિવ્યભાવનાથી યુકત દંપતીએ જીવનની દોર પ્રભુને સોંપી શ્રદ્ધાને પ્રગાઢ બનાવી દિવસ પસાર કર્યા.

ખબર નથી કોઈને કે આવતી કાલે ભાગ્ય કઈ દિશામાં પ્રયાણ કરશે ??

બીજા દિવસની પ્રભાત થઈ.. અર્થાત્ એકાસણાની સવાર થઈ..

એકાસણાના સમયથી વીસેક મિનિટ પૂર્વે જ રમીલાબહેન ત્યાં પહોંચી ગયાં.

મોટા હોલમાં એક બાજુ મોટા મોટા ૨/૪ તપેલા પડ્યાં હતાં. જેમાં આવનાર વ્યક્તિનું પોતપોતાનું ટિફિન સુગમતાથી ખાલી કરી શકે. બીજી બાજુ ૪/૫ બહેનો બેઠેલી હતી.. આસન પથરાઈ ગયા હતા.. પાટલા ને માટલા યથાસ્થાને ગોઠવેલા હતા... દરેક પાટલા ઉપર થાળી ઊંધી મૂકવામાં આવી અને બાજુમાં જ ગ્લાસ પણ...

શ્રીસંઘની વ્યવસ્થા જોઈને રમીલાબહેન અનુમોદના કરવા લાગ્યા.. શરમાતા અને સંકોચતા હૃદયે ધીરેથી પ્રવેશ કરી તપેલા પાસે પહોંચ્યા.. ચારે તરફ નજર ફેરવી.. સહુ પોતાના કાર્યમાં મગ્ન હતા.. કોઈની નજર અહીં નથી એવો નિર્ણય થતાં તરત જ સાડીના પાલવમાં છૂપાવેલ પાત્ર બહાર કાઢીને લાવેલું ભોજન શીઘ્ર તપેલામાં નાંખી દીધું..

મારી તરફ કોઈને જોયું તો નથી ને.. એ જોતાં જ પુનઃ લાવેલું વાસણ સાડીના પાલવમાં સંતાડી દીધું... છુપાવવાનું કારણ હતું શરમ, સંકોચ, દુઃખ ને પીડા...

ન ટિફિન છે મારી પાસે.. ન મિષ્ટાન્ન કે પકવાન છે મારી પાસે.. આ જ સંકોચ...

એક નાનકડી વાટકી ને તે ઉપર ઢાંકણું.. ઢાંકણા ઉપર બીજી વાટકીને તેના ઉપર સાડીનો પાલવ.. આ હતું બે ખાનાનું ટિફિન અને પલાળેલા મમરા તથા તેલ ઘી મરચા વિનાની બાફેલી તુવેરની દાળ. આ બહું ષડ્રસ ભોજન.

આવા સમયે પણ શ્રીસંઘની ને સાધર્મિકોની ભક્તિ મારે આવી શુષ્ક રીતે કરવાની... આ દુઃખ અને શરમથી મસ્તક નીચું ઢાળી સાઈડમાં ઊભા રહી ગયા ને રડી પડ્યાં.

દાનમાં આપવા યોગ્ય દ્રવ્યો નહીંવત્ હતા પણ ભાવો અસીમ હતા.. ઉત્કૃષ્ટ કોટિના હતા..

સમય થયો.. સહુનું આગમન થયું.. સહુને જોતાં જ અતિસંકોચ થતો ગયો.. ક્યાં સહુના યોગ્ય સુશોભિત વસ્ત્ર અને ક્યાં મારા રૂપ-રંગ વિનાના એકબીજાની સાથે મેચ નહીં થનારા બ્લાઉઝને સાડી...

અતિ શરમાળ બની બધાની સાથે આસન ઉપર બેઠા.

શ્રીસંઘના અગ્રણીઓ આવ્યાં.. સહુને પ્રણામ કરી સૂચન કર્યું.. દેવ-ગુરુ-ધર્મનું સંસ્મરણ કરી સહુએ પોતપોતાની થાળી સીધી કરવી.

સૂચના પ્રમાણે સહુ કાર્ય કરવા લાગ્યા... રમીલાબહેને પણ થાળી સીધી કરી પણ તે પછી એ રડવા લાગ્યાં.. ને કહેવા લાગ્યા.. હું આ નહીં લઉં.. હું અને ગ્રહણ નહીં કરું...

એમનો અવાજ સાંભળી દરેકની પ્રશ્નાર્થસભર દૃષ્ટિ ત્યાં મંડાણી, શ્રીસંઘના અગ્રણીઓ પણ પાસે આવી ગયા... કંઈ શારીરિક તકલીફ હશે... એવું સમજી કેટલીક બહેનો પીઠ પર હાથ ફેરવવા લાગી તો કોઈક માથું દબાવવા લાગી.. વાસ્તવિકતા શું છે ? શું થયું હશે ? એ તો હજુયે પ્રશ્ન જ હતો..

રમીલાબહેનને શાંત કર્યા.. પૂછ્યું, શું થયું ?

એમણે કહ્યું, હું આ ગ્રહણ નહીં કરું. શ્રીસંઘનું દ્રવ્ય-ભગવાનનું દ્રવ્ય મારે નથી લેવું, સંઘનું ભાર હું સાથે નહીં લઉં...

બન્યું એવું કે આજની સામૂહિક આરાધનામાં શ્રીસંઘ દ્વારા થાળીની નીચે કેટલુંક દ્રવ્ય મૂકી ગુમ સંઘપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. થાળી સીધી કરતાં જ ભાગ્ય પ્રમાણે તે દ્રવ્યની પ્રાપ્તિ થાય...

રમીલાબહેને થાળી ખોલી. નીચેથી સિક્કાથી ભરેલો વાટકો દેખાયો, તેને જોતાં જ બાજુમાં બેઠેલાં બહેન બોલ્યાઃ આજ તો તમારા ભાગ્ય ખૂલી ગયા. તમે આ લઈ લો...

બહેનની એ વાત સાંભળીને એ રડતાં રડતાં કહેવા લાગ્યા કે હું આ દ્રવ્ય ગ્રહણ નહીં કરું..

શ્રીસંઘના અગ્રણી સહિત સહુએ ઘણું સમજાવવા છતાં પણ એ એકના બે ન થયાં..

પરમાત્માના શાસનને પામેલી એક શ્રાવિકાની કેવી ગજબ સન્નિષ્ઠા...

આ જગ્યાએ બીજું કોઈ હોત તો કાં તો સિક્કાને લઈને છૂપાવી દીધા હોત... કાં તો એ વાટકાને જોતાં જ નાચી ઊઠ્યા હોત.. એકાસણું કર્યું ના કર્યું ઊભા થઈને ઘરે પહોંચી ગયા હોત...

જ્યારે આ શ્રાવિકા રડતાં હૈયે ના પાડી રહ્યાં હતા..

એમને ભય હતો કે ક્યાંક મારા ઉપર શ્રીસંઘનું ઋણ ચઢી જશે તો ? શ્રીસંઘ અથવા પ્રભુની આશાતનાનો મને દોષ લાગી જશે તો ? પૈસા માટે જ આ શ્રાવિકા એકાસણું કરવા આવી છે આવું વિચારી કદાચ કોઈ જિનશાસનની શ્રાવિકાઓની અવહેલના કરશે તો... આ ભયથી જ સમજવાં તૈયાર ન હતાં.. છેવટે એકાસણું કર્યા પછી પૂ.સાધ્વીજી ભગવંત પાસે આનો ન્યાય કરીશું એવો નિર્ણય કરી સહુએ એકાસણું કર્યું. રમીલાબહેને પણ..

તત્પશ્ચાત્ સાધ્વીજી ભગવંત પાસે ગયાં.. આખી ઘટના સંભળાવી... ત્યાં પણ એ ખૂબ રડ્યા.. ગુરુદેવ શ્રીસંઘનું દ્રવ્ય મારે નથી લેવું... આપ મને આ ભારથી બચાવો..

પૂજ્ય સાધ્વીજી ભગવંતે મધુરતાસભર વચનોથી જિનશાસનના અદ્ભુત માહાત્મ્યને દર્શાવ્યું. સંઘપૂજા તથા સાધર્મિકભક્તિનું વિવેચન કર્યું...

વર્તમાન પ્રસંગમાં આ દ્રવ્યના અધિકારી કોને કહેવા તે પણ સ્પષ્ટતા કરી તો સાથે સાથે એમના મનમાં રહેલા ભયને દૂર કરવા પ્રયાસ કર્યો.

પૂ. સાધ્વીજ ભગવંતના હિતકર વચનોથી રમીલાબહેનને હઠાગ્રહ છોડવો પડ્યો. મહાપરાણે એ દ્રવ્યનો સ્વીકાર કર્યો.

શ્રીસંઘ દ્વારા અર્પિત સ્વાધિકૃત એ સિક્કાથી ભરેલ

વાટકીને લઈ રમીલાબહેન ઘરે આવ્યાં. ધર્મેશભાઈને આખી ઘટના કહી સંભળાવી. પુનઃ બંને ગદગદ થઈ ગયા. બંને પતિ-પત્ની શ્રીસંઘને પુનઃ પુનઃ અભિવંદન કરી રહ્યા હતા. એ જ સમયે શ્રીસંઘ એમનું અભિવાદન કરી રહ્યો હતો.. અને એ જ સમયે એક ચમત્કાર એમના જીવનગૃહમાં પ્રવેશતાની તક શોધી રહ્યો હતો.

..............

૨૦૧૭ વર્ષ.. ચાતુર્માસ પૂર્વે જેઠ મહિનાના દિવસો.. મક્ષીજી તીર્થમાં આઠેક દિવસની સ્થિરતા.... જેઠ વદ ચોથના દિવસે રમીલાબહેન એમની ત્રીજી પેઢી સાથે વંદનાર્થે આવેલાં.. એમના જ મુખે આ પ્રસંગનું શ્રવણ કર્યું...

અતિભાવુક બની ગયેલાં રમીલાબહેન સમસ્ત વૃત્તાંત કહેતા કહેતા જ્યારે ચમત્કારથી પરિપૂર્ણ અંતિમ ચરમમાં આવ્યા ત્યારે એમના રોમ રોમ શ્રીસંઘ પ્રત્યેના અહોભાવથી જાણે નૃત્ય કરી રહ્યાં હતા..

એ અંતિમ ચરણ.. રમીલાબહેનના જ શબ્દોમાં.. એમના જ ભોળાભાવમાં...

મહારાજ સાહેબ.. **जिस दिन जो सिक्के श्रीसंघ की प्रभावना ले कर मैं घर गई उसी दिन से मेरे भाग्य के सभी दरवाजे खुल गए। दिन दिन धन की वृद्धि होती ही गई। आज आवश्यकता से भी ज्यादा धन है।**

**गुरुदेव श्रीसंघ तो पुन्यशाली होता ही है किंतु श्रीसंघ का द्रव्य श्रीसंघ के पैसे भी इतने पुन्यशाली होते है वो मुझे तब पता चला।**

ધર્મેશભાઈએ પણ શ્રીસંઘ પ્રભાવનાના પ્રભાવની વાત કરી... (૧) એ દિવસથી ન્યાયોપાર્જિત ધનની સવિશેષ પ્રાપ્તિ થવા લાગી. (૨) પરિપૂર્ણ ભોજન-વસ્ત્રાદિની સુલભતા થઈ. (૩) આવાસ વ્યવસ્થા પણ સ્વકીય થઈ ગઈ. (૪) સ્વદ્રવ્યથી પરમાત્મ ભક્તિ કરવાની તક મળી. (૫) ગુરુભગવંતને સુપાત્રદાન સાથે વસતીદાન કરવાનો અવસર પ્રાપ્ત થયો. (મક્ષીથી દશેક કિ.મી. દૂર એમની દુકાન ગોડાઉન છે. ત્યાં વિહાર કરતાં ગુરુ ભગવંતો રાત્રિ સ્થિરતા કરે છે. અમે પણ કરી હતી.) (૬) સૌથી વિશેષ તો એ છે કે સમયે સમયે હું પણ શ્રીસંઘપૂજા કરું છું અને એનાથી અનન્ય આનંદ મેળવું છું. શ્રીસંઘના સ્મરણથી-એના અહોભાવથી ધર્મેશભાઈની આંખોમાં અશ્રુ વહી રહ્યા...

..................

શ્રી અરિહંત પ્રભુ દ્વારા પ્રસ્થાપિત ચતુર્વિધ શ્રીસંઘ.

શ્રી અરિહંત પ્રભુની આજ્ઞાને જ પ્રાધાન્ય આપનાર ચતુર્વિધ શ્રીસંઘ..

મોક્ષના શુભલક્ષ્યને રાખી સાધના પ્રતિ ડગ માંડનાર ચતુર્વિધ શ્રીસંઘ...

તીર્થંકરોને પણ શિરસાવંદ્ય છે આ ચતુર્વિધ શ્રીસંઘ.

પૂજ્યપાદ લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા અષ્ટાહ્નિકા પ્રવચનોનાં શ્રાવકના કર્તવ્યમાં સર્વ પ્રથમ શ્રીસંઘપૂજા દર્શાવે છે.

પ્રત્યેક શ્રાવકે અવશ્ય શ્રીસઘપૂજા કરવી જોઈએ.

આમ તો શ્રીસંઘપૂજાના અનેક પ્રકારો છે. પરંતુ આ પ્રસંગમાં જે રીતે શ્રીસંઘ પ્રભાવનાથી ચમત્કાર સર્જાયો સંઘ પ્રભાવનાની સાથે સાથે પુણ્યની પ્રભાવના જોઈ સંઘ પ્રભાવનાનો અવશ્ય સંકલ્પ કરવો જોઈએ.

પ્ર+ભાવના પ્ર=પ્રકૃષ્ટ-ઉચ્ચ ઉત્તમ ભાવના દ્વારા જે અર્પણ કરાય તે છે પ્રભાવના..

શ્રીસંઘ પ્રભાવના એ અન્યને આપનારી ભેટ નથી કિંતુ સ્વને આપનારી પુણ્યની ભેટ છે.

ઉત્તમ ભાવનાથી અર્પણ કરાયેલ દ્રવ્ય ફળદાયી બને છે તેમ ઉત્તમ ભાવનાથી કરેલ ધર્મ પણ અવશ્ય ફળદાયી બને છે. જેનું સાક્ષાત્ ઉદાહરણ છે રમીલાબહેન.

પર્યુષણા મહાપર્વમાં શ્રીસંઘપૂજાનો સંકલ્પ અવશ્ય કરવા યોગ્ય છે.

તથા એ સંકલ્પ સાથે જ પ્રભાવનાના કુવિકલ્પોનો ત્યાગ પણ કરવા યોગ્ય છે..

અહો જિનશાસનમ્...

અહો ચતુર્વિધશાસનમ્...

અહો શ્રીસંઘપૂજનમ્...

***

**શાંતિસૌરભ અંગે ફરિયાદ અથવા સૂચન આવકાર્ય છે. ફોન : ૯૫૮૬૪00૦૩૫ shantisaurabh1973@gmail.com**